५७९

त्रेसठ शलाका पुरुषोनी

स्तवनावळीनुं

पुस्तक.

રચી પ્રસિદ્ધ કરનાર,

નિહાલચંદ મગનલાલ મહેતા.

ડીસર તા. ધોળકા.

પ્રાંત અમદાવાદ.

અમદાવાદ

આર્યોદય પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૫૩-સને ૧૮૯૭.

૫૭૯૫

त्रेसठ सुलक्षा पुरुषोनी स्तवनावळीनुं पुस्तक.

રચી પ્રસિદ્ધ કરનાર,

નિહાલચંદ ગણેશજી મહેતા.

ટીકર તા. ધ્રાંગધરા.

પ્રાંત કાઠિઆવાડ.

અમદાવાદ

આર્યોદય પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૫૩-સને ૧૮૯૭.

अर्पणपत्रिका.

સદા સકલગુણ સંપન્ન વિવેકસાગર મુરબ્બી શ્રી

ઝવેરચંદ મોતીચંદ.

અફીણના ઈજારદાર. કચ્છ-ભુજ.

ધર્મ સબંધી કામને આપ હમેશ ઉત્તેજન આપો છો
અને તે ખાતે આપની અતી આનંદપુર્વક લા-
ગણી વિશેષ હોવાથી તેમજ હાલમાં બડના
દરવાજાના વિશાળ ચોકમાં પંદર હજાર કો-
રીની મોટી રકમથી થયેલ પરબડીમાં
આપની સંપૂર્ણ આગેવાની હોવાથી
તથા મારા અને આપના પુરતા સં-
બંધથી હું સંતોષ પામી મારી
અલ્પ બુદ્ધિ વડે બનાવેલું
લઘુપુસ્તક અતી વિનં-
તી સાથે આપને અ-
ર્પણ કરૂંછું તે મ-
હેરબાની કરી
સ્વીકારશો.

સેવક.

નિહાલચંદ વી. ગણેશજી મહેતા.

ટીકર તા. ધ્રાંગધ્રા.

પ્રસ્તાવના.

સુજ્ઞ ભાઇઓ ! આ ક્ષણભંગુર દેહ ઘણીજ પુન્યાઇથી મળી શકે છે. પ્રાચીન સમયમાં મનુષ્યોના આયુષ્ય વિશેષ હોવાના લીધે વધારે વખત તપ, જપ ક્રિયા કરવાથી આત્માનું સાર્થક થતું હતું, પરંતુ આ પંચમ કાળને વિષે ફક્ત કુંડામાંથી રત્ન શોધી લેવાનો વખત મળેલો છે. કુંડા રૂપી જે કે આ દુનિઆ તેમાં રત્નરૂપી ખરેખર શ્રેષ્ટ ધર્મ શ્રી જૈનરાજનો મળેલો હોવાથી આજ્ઞા પ્રમાણે સ્તુતિ ભક્તિ કરવાથી જુજ મુદતમાં આત્માનું સાર્થક થઈ શકે છે પરંતુ તેમ કરવામાં આસ્તા અને જાણપણાનું પૂર્ણ જરૂર છે. તે સિવાય કાંઇ થઇ શકતું નથી. સબબ ગઇ ચોવીશી કે જેઓની ભકિત ઊછરંગ સહીત સર્વ બંધુઓ હોંશપૂર્વક કરે છે, તે ચોવીશીમાં સુલક્ષ પુરૂષો કે જેઓના પુન્યનો કોઇ રીતે પાર નથી એવા અપાર ગુણી નામાંકિત પુરૂષોની ઓળખાણ થવાની ખાતર સદરહુ પુસ્તક મારે રચી પ્રસિદ્ધ કરવાની જરૂર થઇ છે. જેમાં ચોપન પુરૂષો સૂત્રદ્વારાએ નિકળી શકે છે અને નવ પ્રતિવાસુદેવ ગ્રંથદ્વારાએ નિકળી શકે છે મગર તે ત્રેસઠે ઉત્તમ પુરૂષો સમજવાં.

સદરહુ પુસ્તક બનાવવામાં મહાન પંડિત ગુરૂ મહારાજોની તેમજ સુજ્ઞ શ્રાવકોની કેટલીએક મદદ મળેલી છે તે ખાતે તેઓનો ઉપકાર માનવામાં આવે છે.

સંવત ૧૯૫૧ ના માગશર વદ ૧૦.

નિહાલચંદ વી. ગણેશજી.

५७१५

श्री जैनधर्मनी जय हजो.

त्रेसठ सुलक्षा पुरूषोनी स्तवना-वळीनुं पुस्तक.

पहेला श्री रूखभदेव स्वामीनुं स्तवन तथा हकीकत.

त्रीजा आरानी छेवटमां त्रीलोकीनाथे आ दुनीआना जीवनुं कल्याण करवाने अर्थे श्री वनीतापुरीमां नाभीराजाने घेर मारूदेवा मातुश्रीनां कुखे त्रण ज्ञान सहीत गर्भपणे आवी शुभ नक्षत्र अने शुभ चोघडीए अवतार धारण कर्या. ते वखते जुगलीआं जुगलधर्मने विषे प्रवर्तन करता हता. ते सरवे नीवारी त्रण जातना आचरणो पृथ्वीने विषे परूपन कर्या, अने सर्वे राज्यद्वारी कामोमां तेमज धार्मिक कामोमां अंतःकरण शुद्ध दिलथी लगावी तीर्थंकरपदने पात्र थइ कर्मनुं निकंदन करी मोक्षे सीधाव्या. के जेमनुं स्तवन गावाथी हरगीज सुखी रहेवानी साथे भव्यजीवोनुं कल्याण थायज.

स्तवन १ पहेलुं.

राग रामग्री.

स्वारथ सीद्ध वैमान थकी, चवीआ प्रथम जैनराज;

નાભીરાજા મારૂદેવા કુખે, ઉપન્યા શ્રી માહારાજ.
રૂખભ જીણેસર સાહીબા. ૧

જેઠ વદ ચોથ સોહામણી, શુભ ઘડી શુભ પળ;
કુખે આવી પ્રભુ ઉપન્યા, જેહનું અનંતુ છે બળ.
રૂખભ. ૨

ચૌદ સ્વપ્ના માતાએ દીઠા, પ્રથમ રીખભ પ્રમાણુ;
તેથી કરી જૈન રાજનો, રૂખભ નામ દીઓ જાણુ.
રૂખભ. ૩

જુગલ ધરમ નીવારીને, કાઢયા ત્રણે પ્રકાર;
અસી મસી અને વળી કસી, પ્રકાસ્યા ત્રણે આચાર.
રૂખભ. ૪

વનીતા નગરીના રાજીઆ, રૂખભ લંછન ભગવંત;
લક્ષ ચોરાશી પુર્વનું, આયુષ્ય છે અરીહંત. રૂખભ. ૫

પ્રભુજીતણા પુત્ર ભરથજી, ચક્રીવત સુજાણ;
તેહને રાજ્ય સોંપી કરી, દીક્ષા લીધી પ્રમાણ.
રૂખભ. ૬

મહામાસ સુદી એકાદસી, થયો અતી ઝળકાર;
કેવળ લહ્યું એહ મીતીએ, લોકો આનંદકાર. રૂખભ. ૭

કેવળ પામી મોક્ષે ગયા, જીનશાસન શણગાર;
ભાવ ધરીને સમરતાં, પામીજે ભવપાર, રૂખભ. ૮

કરજોડી ન્યાલચંદ કહે, તુમે મોટા મહારાજ;
અરજ કરૂં હુતો આપને, સેવા દેજો જૈનરાજ.
રૂખભ. ૯

બીજા તીર્થંકર શ્રી અજીતનાથસ્વામીનું સંક્ષેપ વૃત્તાંત.

બીજા તીર્થંકર શ્રી અજીતનાથસ્વામી ભગવંત અયોધ્યા નગરીમાં વીજયામાતાની કુખે શુભ નક્ષત્રે ગર્ભ રહી જન્મ ધારણ કર્યો જેથી અનંતો ઝળકાર અને શત્રુઓની હારનો પાર રહ્યો નહીં. એવા પરમેશ્વરનું સ્તવન હોંશ પૂર્વક ગાવાથી આત્મા ફતેહમંદી નીવડેજ.

સ્તવન ૨ બીજું.

રાગ બનજારો.

વંદો અજીતનાથજી પ્યારા, તમે સજન બન્ધુ મારા. એટેક.
અજીત અજીત નામ જે જપશે, તે કરમે હળવો થાશે;
મટી જાયે ભવતણા વારા, વંદો અજીતનાથજી પ્યારા. ૧
અયોધ્યા નગરી શુભ પ્રમાણો, જન્મભુમી પ્રભુજીની જાણો;
પીતા જીતશત્રુ શુભકારા, વંદો અજીતનાથજી પ્યારા. ૨
વીજયા માતા શુભ કહીજે, વૈશાખ વદની તેરશ લહીજે;
ગરભે આવ્યા પ્રભુ સુખકારા, વંદો અજીત નાથજી પ્યારા. ૩
માહા શુદી આઠમ સારી, જન્મતીથી પ્રભુની પ્યારી;
ઇંદ્રે ઓચ્છવ કીધા બહુ સારા, વંદો અજીતનાથજી પ્યારા. ૪
હસ્તીલંછન પ્રભુને સોહે, રૂપ દેખી સર્વે જન મોહે;
લક્ષ બહુતેર આયુ શૃંગારા, વંદો અજીતનાથજી પ્યારા. ૫
પ્રભુએ સંસાર સરવે છોડી, મોહ મિથ્યાદીકને ત્રોડી;
શુભ લીધો સંજમ ભારા, વંદો અજીતનાથજી પ્યારા. ૬
ચારીત્ર પાળી કેવળ વરીઆ, શુભચીત્તે સિદ્ધમાં ભળીઆ;
થયા મોક્ષગામી પ્રભુ મારા, વંદો અજીતનાથજી પ્યારા. ૭

ભવસાગરથી પ્રભુ તારો, સેવક **નિહાલચંદને** ઉગારો;
તમે ઘણાં જીવોને તાર્યાં, વંદો અજીતનાથજી પ્યારા. ૮

સદરહુ ત્રીલોકીનાથને પોશ શુદ ૯ ના રોજ કેવળ-જ્ઞાન ઉપજેલ હતું.

ત્રીજા તીર્થંકર શ્રી સંભવનાથજી સ્વામીનું સંક્ષેપ વૃત્તાંત.

ત્રીજા તીર્થંકર શ્રી સંભવનાથજીસ્વામી ભગવંત સાવથ્થી નગરીમાં જીતારીરાજા પીતાને ઘેર અવતાર ધારણ કર્યો અને સર્વ પ્રકારે સહુને સુખ મળ્યું. તેવા જૈનરાજનું અહોનીશ રટન કરવુંજ જોઈએ.

....

સ્તવન ૩ ત્રીજું.

રાગ. પધારો પીયર ભણીનો.

ત્રીજા તીર્થંકર સંભવનાથજી જેની સોના વરણ છે કાય,
સેના માતા માય, વંદુ જૈન હર્ષથી. ૧
જીતારી રાજા પીતા સોહામણા, તસઘર કુળદીપક ભગવાન,
ત્રીજા સંભવનાથ, વંદુ જૈન હર્ષથી. ૨
અશ્વલંછન પ્રભુજીને સોહતું, ચોસઠ ઇંદ્ર કરે જેની સેવ;
મળી સરવે દેવ, વંદુ જૈન હર્ષથી. ૩
શુદી ચઉદશ તીથી માહામાસની, જન્મતીથી પ્રભુકેરી જાણ;
સાવથ્થી પ્રયાણ, વંદુ જૈન હર્ષથી. ૪
રાજ્યપાટ છોડી સંજમ લીઓ, માગશર શુદની પુનેમ સાર;
દીક્ષા શુભકાર, વંદુ જૈન હર્ષથી. ૫
કેવળ પામી પ્રભુ મુગતે ગયા, જારો જાપ જપું તીન કાળ;

હુવે મંગળમાળ, વંદુ જૈન હર્ષથી. ૬
જેને સમર્યેથી સુખ સદા ઉપજે, દુઃખ જાયે સરવે દુર;
કરમ ચકચુર, વંદુ જૈન હર્ષથી. ૭
નિહાલચંદની અરજ રૂદે ધરો, તમે તારો મુજને ભગવંત;
છો તમે અરીહંત, વંદુ જૈન હર્ષથી. ૮

ચોથા તીર્થંકર શ્રી અભીનંદનજી સ્વામીનું સંક્ષેપ વૃત્તાંત.

ચોથા તીર્થંકર શ્રી અભીનંદનજી સ્વામી અતુલ્ય પુન્યાઇ કરી આ સૃષ્ટીને વિષે પ્રભુપદ ધારણ કરવા અયોધ્યા નગરીમાં સંવર રાજાને ઘેર પ્રગટ થયા. તેવા પરમેશ્વરની સ્તુતી કરવા હમેશાં તાત્પર્યતા વાપરવી જોઇએ.—

સ્તવન ૪ ચોથું.

રાગ (મુજ ઉપર ગુજરો.) લાવણી.

અભીનંદન અંતરજામી, સમરૂં હું તુજને;
આ ભવાબ્ધીમાં ઊગાર, પ્રભુજી મુજને. ૧
અભીનંદન નામ સુખકારી, સદા મેં જપું;
મેં મન વચ કાયા કરી, ચરણ ચીત જપું. ૨
સીધ્ધાર્થા માતા કેરા નંદ, નમન હું કરૂંછું;
સંવર રાજા કુળચંદ, નામ જપું છું. ૩
નગરી અયોધ્યા પ્રખ્યાત, છે તે જાણું;
માહા સુદ બીજની, જન્મ તિથીરે વખાણું. ૪
વાંદરલંછન સોહે, પ્રભુજી કેરે અંગે;
હું વાંદુ દેવ અભીરામ, અંતરથી ચંગે. ૫

તુમે ચારીત્ર લીધું, રાજ્યપાટ સહુ છોડી;
શુદી દ્વાદશી મહામાસ, મીતી મોહ તોડી. ૬
માગશર વદ ચઊદસે, કરમો દીઆ તમે કાપી;
તુમે હુવા કેવળીમહારાજ, શાતા સહુ આપી. ૭
મોક્ષે પહોંચ્યા જીનરાજ, સીધમાં ભળીઆ,
શુદી અષ્ટમી વૈશાખ માસ, તમે જઇ મળીઆ ૮
ગુણુ તુમ સેવક નિહાલચંદ, એમ ગાયે છે;
આ ભવસાયરથી તાર, અરજ તો કરે છે. ૯

પાંચમા તીર્થંકર શ્રી સુમતીનાથ સ્વામીનું

સંક્ષેપ વૃત્તાંત.

સુમતીનાથ ભગવંતની સ્તુતી કરવા ભવી જીવ પછાત રહેજ નહીં.

(રાગ ક્ષત્રીકલંક કેમ લેશેરે.)

પાંચમા સુમતીનાથ ભગવાન, પ્રભુ તમે છો અંતરજામીરે.
કરૂં હવે પ્રભુ તુજ ગુણુ ગ્યાન. સદર ૧
મંગળા માતા કેરા નંદ; સદર
મેઘરાજા ઘેર કુળચંદ. સદર ૨
ક્રોંચ પક્ષીતણું લંછન; સદર
સમર્યેથી આનંદ થાય મુજ મન. સદર ૩
અયોધ્યામાં પ્રભુનો જન્મ જાણુ; સદર
વૈશાખ સુદ આઠમ પ્રમાણુ. સદર ૪
તે જન્મતિથી જયજયકાર; સદર
તુજ સમર્યેથી આનંદકાર. સદર ૫
ચાલીશ લાખ પુરવનુ આય; સદર

સોવનવરણી છે આપની કાય. સદર ૬
રાજ્યતણું સરવે છોડયું સુખ; સદર
પરજીવ માટે આપે સહ્યા દુઃખ. સદર ૭
શુદી નીધી વઇશાખ માસ સાર; સદર
દીક્ષા લીધી આપે મીતી જયકાર. સદર ૮
શુદ્ધ ચારીત્રથકી કેવળજ્ઞાન; સદર
ચૈત્ર સુદ એકાદશી શુભ ધ્યાન. સદર ૯
મોહ મીથ્યાદિકને તોડયા ભગવાન; સદર
ચૈત્ર શુદી નીધી પહોંચ્યા નિધાન. સદર ૧૦
પ્રભુ મોક્ષે ગયા મહારાજ, સદર
નિહાલચંદ ગુણ ગાય જૈનરાજ. સદર ૧૧

છઠ્ઠા તીર્થંકર શ્રી પદમપ્રભુસ્વામી મહારાજનું સંક્ષેપ વૃત્તાંત.

પદમ પ્રભુ સ્વામી દુનીઆના જીવને તારવાને અરથે તેમજ વળગી રહેલા જુજ કરમો ટાળવાની ખાતર આ ભૂમિને વિશે કૌસંબી નગરીમાં શ્રીધર રાજાને ઘેર પ્રગટ થયા. જે વખત માતા સુશીલાજીના ગર્ભમાં ધારણ થયા તે વખતે માતુશ્રીને પદ્મકમળની સેજનો ડોળો ઉત્પન્ન થયો. તે દેવતાએ પૂરો પાડયો જે ઉપરથી પ્રભુનું નામ પદ્મપ્રભુ આપ્યું. પરમેશ્વરે તીર્થંકરપદ ધારણ કરી ઘણા જીવોને ઉપદેશ કરી મોક્ષગતીએ પહોચ્યાં તેમનાં સ્તવનો હમેશાં ગાવા માટે નીચે પ્રમાણે સ્તવન બનાવવામાં આવ્યું છે.

રાગ બનજારો.

હે પદમ પ્રભુ જીનરાયા, તુમ લાલ વરણ છે કાયા;
કૌસબી નગરી ભલી જાણું, પીતા શ્રીધર રાજા વખાણું;
સુશીલા માતા કેરા જાયા, હે પદમ પ્રભુ જીનરાયા. ૧
પોશ વદી છઠ પ્રભુ જાણું, ગરભે આવ્યા તેહ શુભ ટાણું;
સ્વપના ચઊદે માય દીલ આયા, હે પદમ પ્રભુ જૈનરાયા. ૨
કારતક વદની બારશ કહીએ, પ્રભુની જન્મતિથી શુભ લહીએ;
ઇંદ્ર ચોસઠ મહોત્સવે આયા, હે પદમ પ્રભુ જૈનરાયા. ૩
કમળલંછન પ્રભુજીને સોહે, દરશન દેખીને મન મોહે;
માતા પીતા બહુ સુખ પાયા, હે પદમ પ્રભુ જૈનરાયા. ૪
પ્રભુએ જાણ્યો અથીર સંસાર, ધનતેરસે સંજમભાર;
લઇ કેવળગ્નાન સુખ પાયા, હે પદમ પ્રભુ જૈનરાયા. ૫
ત્રીશ લક્ષ પુરવનું આય, વંદુ હું તો તમારા પાય;
એક માનું સાચા માહારાયા, હે પદમ પ્રભુ જૈનરાયા. ૬
તમે ઘણા જીવોને તાર્યા, દુર્ગતીમાં પડતા ઊગાર્યા;
અનંતગુણી છો પ્રભુ રાયા, હે પદમ પ્રભુ જૈનરાયા. ૭
સમતશીખરે પ્રભુ સીધ્યા, અષ્ટ કર્મો કાપી દીધાં;
શ્રી મોક્ષ ગયા ગુણીરાયા, હે પદમ પ્રભુ જૈનરાયા. ૮
હું સમરૂં સદા પ્રભુ તુજને, સુબુદ્ધિ આપો પ્રભુ મુજને;
કહે **નિહાલચંદ** તુમ પસાયા, હે પદમ પ્રભુ જૈનરાયા. ૯

શ્રી સાતમા તીર્થંકર શ્રી સુપારશ્વનાથજી સ્વામીનું સંક્ષેપ વૃત્તાંત.

સુપાર્શ્વનાથસ્વામી વનારશી નગરીમાં પ્રતિષ્ટ રાજાને ઘેર જેઠ શુદ ૧૨ ના રોજ અવતાર ધારણ કરી દુ-

નિયાના જીવોનું સાર્થક કરવા માટે પ્રગટ થયા. તેમના ગુણગ્રામ કરવાની લાવણી નીચે પ્રમાણે.

રાગ મુજ ઉપર ગુજરી.

સુપાર્શ્વનાથ ભગવાન, સમરૂં હું તુજને;
હે કૃપાસીંધુ મહારાજ, ઉગાર તું મુજને. (એ ટેક) ૧
પ્રતિષ્ટ રાજા કુળચંદ, ગુણના ભરીયા;
પૃથ્વિમાતા કેરા નંદ, સુખના દરીયા. સુ. ૨
શુદ અષ્ટમી શ્રાવણ માસ ગર્ભે તો આવ્યા;
સુપના ચૌદે શુભકાર, સુખે મન પાયા. સુ. ૩
તુમ સેવે ચોસઠ ઇંદ્ર, સદા ગુણ ગાવે;
તુમ નામે જેજેકાર, અત્યંત સુખ પામે. સુ. ૪
શુભ લંછન સાથીઓ, પ્રભુજીને અંગે કહીજે;
શુભ જન્મ ભુમિ તો, બનારસીપુર લહીજે. સુ. ૫
જન્મતિથી જયજયકાર, પ્રભુજીની જાણું;
શુદી જેઠ માસની બારસ, અતીરે વખાણું. સુ. ૬
તુમે થયા કેવળી માહારાજ, મહા વદ છઠે;
પ્રભુ મોક્ષે પધાર્યા જીનરાજ, દુઃખ છંડી ખડે. સુ. ૭
વીશ લક્ષપુરવનું આયુ, પ્રભુ તુમ કહીએ;
કરતાં પ્રભુજીના ગુણ ગ્યાન, સુખ સહુ લહીએ. સુ. ૮
સેવક ન્યાલચંદ તણીરે, અરજ ઉર ધારો;
કૃપા કરી ભગવાન, મુજને ઊગારો. સુ. ૯

શ્રી આઠમા તિર્થંકર શ્રી ચંદ્રપ્રભુજી સ્વામીનું સંક્ષેપ વૃત્તાંત.

આઠમા જીનેશ્વર પ્રભુ આ મતલબી દુનિઆને વિષે ભ-

વી જીવોને ઉપદેશ કરવા તેમજ જુજ વળગેલા કર્મોનું નિકંદન કરી અજર અમરપદને પ્રાપ્ત થવાની ખાતર ચંદ્રપુરી નગરીમાં લક્ષ્મણામાતાજીની કુખે અવતાર ધારણ કર્યો તેમનું ધનાશ્રી રાગનું સ્તવન.

રાગ ધનાશ્રી.

ચંદ્રપ્રભુ ભગવાન ભવી ભજો ચંદ્રપ્રભુ ભગવાન. (એ ટેક.)
આઠમા જીનવર આપ બીરાજો, ઉજ્વળ વરણ છે વાન. ભ. ૧
ચંદ્રપુરી નગરીમેં જનમ્યા, લક્ષ્મણામાતા ઉર ભાણ. ભ. ૨
માહાસેન કુળમેં દીપક સોહે, લક્ષણ ચંદ્રમા જાણ. ભ. ૩
પોષવદી પ્રભુ બારસ જાણું, જનમ્યા મહા ગુણવાન. ભ. ૪
ચોસઠ ઇંદ્રે મહોત્સવ કીધો, બહુ કરી ગુણ ગ્યાન. ભ. ૫
ચંદ્રમા લંછન પ્રભુજીને સોહે, આયુષ્ય પુર્વ દશલાખ. ભ. ૬
પોષ ક્રષ્ણ તેરશ તીથીએ, છોડી દીઓ માનગુમાન ભ. ૭
સંજમ લેઇને વીચરે પ્રભુજી, ધરે ધર્મનાં ધ્યાન. ભ. ૮
માહાવદ આઠમે કેવળ ઉપન્યુ, છેદી કરમની ખાણ. ભ. ૯
તુમ ભજનથી સુખ બહુ ઉપજે, થાયે કોડ કલ્યાણ. ભ. ૧૦
સેવક **નિહાલચંદ** અરજ કરેછે, તારો તમે વીતરાગ. ભ. ૧૧

શ્રી નવમા તીર્થંકર શ્રી સુવીધીનાથ સ્વામીનું સંક્ષેપ વૃત્તાંત.

સુવીધનાથ સ્વામી કે જેમનું અપર નામ પુષ્પદંત સ્વામી. જેમના દાંત પુષ્પની કળીઓ માફક હતા. જેમનાં દેદાર જેઓને થયાં હશે તેઓનું કતાર્થ થયા વિના રહેલજ નથી. એવા વીર પુરૂષ આ સંસારના વિષે પ્રભુ-

તાપદ ધારણ કરી પ્રગટ થયા અને ઘણા જીવોને તારી પોતે સીદ્ધ ગતીમાં સીધાવ્યા. એવા પરમેશ્વરની સ્તુતી કરવાનું સ્તવન.

રાગ આશાગોડી.

સુવીધી તિર્થંકર સોભાગી,
હાંહારે પ્રભુ સુવીધી તિર્થંકર સોભાગી;
રામા માતા કુખે આવ્યા પ્રભુજી,
કષ્ટ ગયા સરવે ભાગી; હાંહારે પ્રભુ. ૧
પીતા તુમારા સુગ્રીવ રાજા,
તસ શત્રુ ગયા ભાગી; હાંહારે પ્રભુ. ૨
માગશર વદી પંચમે જન્મ્યા પ્રભુજી,
શુભ નોબતો ત્યાં વાગી; હાંહારે પ્રભુ. ૩
કાકંદી નગરીનું રાજ્ય પ્રભુજી,
છોડીને થયા વૈરાગી; હાંહારે પ્રભુ. ૪
માગશર શુદ ત્રીજે કેવળ ઉપન્યુ,
અષ્ટકર્મ દીઆં ભાંગી; હાંહારે પ્રભુ. ૫
બે લાખ પુરવનું આયુષ્ય તુમારૂં,
મુક્તિશું લહે લાગી; હાંહારે પ્રભુ. ૬
તુમ ગુણ પ્રભુજી જે નર ગાવે,
કર્મ જાયે સરવે ભાગી; હાંહારે પ્રભુ. ૭
પ્રભુજી તુમારૂં સમરણ કરતાં,
સુ દશા હમ જાગી; હાંહારે પ્રભુ. ૮
તુમ પસાયે **નિહાલચંદ** ગુણ ગાયે,
પ્રભુજીશું લહે લાગી. હાંહારે પ્રભુ. ૯

શ્રી દશમા તિર્થંકર શ્રી સીતળનાથ સ્વામીનું સંક્ષેપ વૃત્તાંત.

ઘણી શીતળતા ઉપજાવતા થકા દશમા જીનેશ્વર શ્રી સીતળનાથ સ્વામી ભગવાન શુભ માંગલિક કરવાને અર્થે આ જગતને વિષે ભદ્દીલપુર નગરીમાં પ્રગટ થયા તે સ્વામીનું સ્તવન.

રાગ બનજારો.

સીતલ જીનવર સીતળકારી, તુમ જાઉં હું તો બલીહારી;
માતા નંદાદેવીના જાયા, પીતા દ્રઢરથ ઘેર પધાર્યા;
મહાવદી બારશ સુખકારી, તુમ જાઉં હું તો બલીહારી. ૧
ભદ્દીલપુર નગરી વખાણું, પ્રભુની જન્મભુમીહું જાણું;
ઓચ્છવ થયા અતી મંગળકારી, તુમ જાઉં હું તો બલીહારી. ૨
પ્રભુ બાલભાવ મુકાઇ, ધર્મ વિષે ચોટ લગાઇ;
વરસીદાન દીધાં બહુ ભારી, તુમ જાઉં હું તો બલીહારી. ૩
વીશ હજાર મુની સંઘાતે, પ્રભુયે સંજમ લીધો ભલીભાતે;
એકાશી ગણધર શુભકારી, તુમ જાઉં હું તો બલીહારી. ૪
એક લક્ષ પુરવનું આયુષ સોહે, તે દેખી મુજ મન મોહે;
શ્રી વછલંછન શુભકારી, તુમ જાઉં હું તો બલીહારી. ૫
પોશ વદી ચૌદશે કેવલ પાયા, વદી ચૈત્ર ત્રીજ સીદ્ધ રાયા;
મળી મુક્તી આનંદકારી, તુમ જાઉં હું તો બલીહારી. ૬
તુમ નામથી સુખજ મળશે, તુમ નામે પાપજ ટળશે;
મળશે મુકિત આનંદકારી, તુમ જાઉં હું તો બલીહારી ૭
તુમ ગુણ **નિહાલ** ગાયેછે, ભુલ ચુકની માફી માગે છે;
રહી ટીકકર ગામ મોઝારી, તુમ જાઉં હું તો બલીહારી. ૮

શ્રી અગીઆરમા તીર્થંકર શ્રી શ્રેયાંશ પ્રભુનું સંક્ષેપ વૃતાંત.

શ્રી શ્રેયાંશ પ્રભુ જીનેશ્વર ધાર્મિક કામોના અર્થે આ દુઃખી સંસારને વિષે સીંહપુરી નગરીમાં પ્રગટ થઇ પોતાનું અને પરનું સાર્થક કરી સિદ્ધ ગતીમાં પહોચ્યા. જેમનું સ્તવન નિચે પ્રમાણે

રાગ દોંડી.

શ્રેયાંશ પ્રભુ આશરો છે, તમારો,
તુંહી જગપતી છો તાતરે, હમારો;
તુમ સ્મરણુથી સુખી રહે જીવ, માહારો. શ્રે. ૧
વિશ્નુપીતાના પુત્ર તમે છો, મંગળકારી;
વિશ્નુમાતાના નંદન અતીછો, સુખકારી;
ખડગ લંછને આપરે, બીરાજો. શ્રે. ૨
ફાગણુ વદિ બારસે, જનમ્યા અંતરજામી;
પછી સુખની નવ રહી, કાંઇ ખામી;
સિંહપુરી નગરીનો સુધરી ગયો જન્મારો. શ્રે. ૩
ચોરાસી લક્ષ વર્ષનું આયુષ્ય તુમ સોહે;
તુમ રૂપ દેખી ઇંદ્ર ચંદ્ર મોહે;
ખરા ભાવથીજ ગુણુ ગાયે અતી સારો. શ્રે૦ ૪
પોપ વદ ત્રીજે કેવળજ્ઞાન પામ્યા,
તેથી દુઃખ સહુ પ્રભુજીતણા વામ્યા;
કર્મો કાપી દીધાં કેવળ જૈનરાયા. શ્રે૦ ૫
કેવળ લઇને પ્રભુ મોક્ષેરે પધાર્યા,

નિરવાણ મહોત્સવ ભલી રીતે સુધાર્યો;
ન્યાલચંદ કહે ભવ સુધારો માહારો. શ્રી૦ ૬

શ્રીબારમા તીર્થંકર વાસુપુજ્ય સ્વામીનું

સંક્ષેપ વ્રતાંત.

બારમા તીર્થંકર શ્રી વાસુપુજ્યસ્વામી ચંપાપુરીના વિષે પ્રગટ થઇ ભવીક જીવોને ઉપદેશ આપવા સારૂ માતાની કુખે પધાર્યા. તેવા પ્રભુનું દરેક મનુષ્યે પોતાની જીંદગીનું સાર્થક કરવા માટે અવસ્ય સ્મરણ કરવુંજ જોઇએ.

રાગ કલ્યાણ.

વાસુપુજ્ય સ્વામી હું વંદુ પ્રેમ ધરી,
બારમા તીર્થંકરની સ્તુતી કરૂં ખરી.
વસુપુજ્ય રાજાના પુત્ર, દુઃખ કાપો ભગવંત;
જયામાતા સુત મુક્તિ આપો, વાંદુ છું અરીહંત. વા. ૧
મહીષલંછને આપ બીરાજો, સમોવસરણની માંહ;
દેવેંદ્ર નરેંદ્ર ચંદ્ર, ભક્તિ કરે ઉછાહ. વા. ૨
ચંપાપુરીમે જનમ્યા પ્રભુજી, થયા ત્યાંજ નીરવાણ;
બહુતેર લક્ષ વરસ પછીતો, ગયા મોક્ષ પ્રમાણ. વા. ૩
જન્મતિથીતો ફાગણ માસની, વદી ચઉદશ સાર;
મોક્ષ તિથીતો અષાડ માસની, શુદી ચઉદશ સાર. વા. ૪
તુમ નામેતો સુખજ ઉપજે, દુઃખ જાયે સહુ દુર;
સંપત સઘળી આવે પાસે, લક્ષ્મી રહે ભરપુર. વા. ૫

તુમ સેવક ન્યાલચંદ ગુણ ગાયે, રહી ટીકર ગામ મોઝાર;
ભુલ ચુકની માફી માગું, વંદુ વારંમવાર. વા. ૬

શ્રી તેરમા તીર્થંકર વીમળનાથસ્વામીનું સંક્ષેપ વૃત્તાંત.

ખરેખર પોતાના કર્મો નિકંદન કરી ભવ્યજીવના સુખના માટે આ પરમેશ્વરે અવતાર ધારણ કરી આ ક્ષેત્રમાં ધર્મરૂપી ઝળકાર કરેલો છે. તેમના ગુણનું ટુંકામાં સ્તવન.

રાગ ઇંદ્રસભા.

વીમળનાથ વંદુ હું તો, નીત્ય ઉઠી પ્રભાત;
પ્રભુજી તુમારૂં નામ લેતાં, જીવ સદા થાય શાન્ત. ૧
પીતા સુત વર્મ પ્રભુ, આપના પ્રમાણ;
સ્યામા માતા કેરા નંદન, શું કરૂં વખાણ. ૨
માતા કુખે પ્રભુ પધાર્યા, થયો જયજયકાર;
કષ્ટો સરવે નાસી ગયા, હુવો આનંદકાર. ૩
કપીલ પુરાધીપતી, હું નમું આપને પાય;
પ્રભુના ગુણ ગાતા થકાં, કર્મ ખેરૂ થાય. ૪
માહામાસની શુદ ત્રીજે, જન્મ હુવો ભગવંત;
તેથી જે જે સુખ થવાં તે, પ્રતાપ આપ અરીહંત. ૫
લંછન સુહરતણું દીપે, સુંદર શરીર સાંહ;
તમારી ભક્તી કરતાં થકાં, આનંદ અંગ ન માય. ૬
સાઠ લક્ષ વર્ષ આયુ, આપનું ભગવાન;

ત્રીલોકપતી શોભે અતી, સોવનવરણે વાન. ૭
પોષ શુદ છઠે તમે, પામ્યા કેવળજ્ઞાન;
જ્યેષ્ઠ વદ સાતમે પ્રભુ, મોક્ષે ગયા ધરી ધ્યાન. ૮
બુદ્ધિ મુજબ સ્તુતી કીધી, હોય જો ખામી ખોડ;
માફ માગે **નિહાલચંદ**, અરજ કરે કરજોડ. ૯

શ્રી ચૌદમા તિર્થંકર શ્રી અનંતનાથસ્વામીનું સંક્ષેપ વૃત્તાંત.

આ પરમેશ્વરે આ ક્ષેત્રના વિષે તેજ ભવે સીદ્ધસ્થાએ પહોંચવાની ખાતર તેમજ અસંખ્ય પ્રાણીઓનો ઉદ્ધાર કરવા માટે અવતાર ગ્રહણ કર્યો તેમનું સ્તવન.

રાગ સીતાજીના મહીનાનો.

અનંતનાથ ભગવંતની, સ્તુતી તો હું કરૂં;
મારા ભવ ભવના દુઃખ જાય, શુદ્ધ ધર્મ આદરૂં. ૧
સીંહસેન રાજાના પુત્ર, અરજ મારી ઊર ધરો;
તુમ સેવકની કરજો સંભાળ, દુઃખ સહુ પરીહરો. ૨
સુજસા માતાની કુખે, પ્રભુજી આવીને ઉપન્યા;
માસ અશાડ વદી આઠમે, દીઠા ચઉદ સુપના. ૩
વૈશાક વદની તેરસે, શ્રી અરીહંત જનમીઆં;
થયો અયોધ્યામાં જયજયકાર, દેવેંદ્રો પણ આવીઆ. ૪
કર્યો જન્મઓચ્છવ તેણીવાર, મેરૂ ગીરી ઉપરે;
થયો ચઊદ લોકમાં ઝળકાર, સહુ આનંદ કરે. ૫
સીંચાણાલંચ્છને જૈનરાજ, અતી ઘણું સોહંતા;

ત્રીશ લક્ષ વર્ષનું આયુષ્ય, મનુષ્ય મન મોહંતા. ૬
પ્રભુજી મોક્ષે પધાર્યા મહારાજ, ઘણા જીવોને તારીઆ;
ધન્ય ધન્ય તેઓનો અવતાર, પ્રભુ સાથે પધારીઆ. ૭
એવા પ્રભુજીના કરતાં ગુણ, જ્ઞાન મુક્તીતો વહેલી મળે;
પણ મિથ્યાત્વમાં રાચ્યે શું થાય, દુઃખ ક્યાંથી ટળે. ૮
સ્તુતી કરી મહેતા ન્યાલચંદે, ટીકર ગામમાં રહી;
તેમાં ભુલચુક કાંઇ હોય, સુધારી લેશો સહી. ૯

પંદરમા તિર્થંકર શ્રી ધર્મનાથ સ્વામીનું સંક્ષેપ વૃતાંત.

શ્રી પંદરમા તિર્થંકર ધર્મનાથ સ્વામી ધર્મનો અત્યંત વધારો કરવાને અરથે આ ક્ષેત્રને વીષે પંદરમા તીર્થંકરપદને ધારણ કરી ઘણા જીવોને ઉપદેશ આપી તાર્યા. તેવા સકલ ગુણાધીન પ્રભુનું સ્તવન.

રાગ રામશ્રી.

પંદરમા અરીહંતના, કરશું હવે ગુણગ્રામ;
સમરંતા સુખ ઉપજે, સીજે વંછીત કામ.
ધર્મનાથજી સોહામણા. ૧
સુવ્રતા માતાની કુખે, પ્રસવીઆ ભગવંત;
ભાનુ પીતા કુળચંદણો, વજ્રલંછને બળવંત. ધર્મ. ૨
મહા સુદી ત્રીજ દીપંતી, જનમ્યા ગુણનીધાન;
પ્રભુની કાન્તી અતી શોભતિ, સોવન વરણેછે વાન. ધર્મ. ૩
તુમ પ્રતાપ અતી ભલો, માત પીતા પામ્યા ધર્મ;
નામ જપંતા સુખ ઉપજે, ત્રુટી જાય સહુ કર્મ. ધર્મ. ૪

રત્નપુરી નગરી ભલી, જન્મભુમી ભગવંત;
દશ લાખ વરસતણું, આયુષ્ય તુમ અરીહંત. ધર્મ. ૫
મહા માસની શુદ તેરશે, કીધું દીક્ષાનું ધ્યાન;
પોશ માસ શુદ પૂનેમે, પામ્યા કેવળજ્ઞાન. ધર્મ. ૬
એહ પ્રભુના ગુણ ગાવતાં, સદા હોય જયજયકાર;
અરજ ન્યાલચંદ એમ કરે, ઉતારો ભવપાર. ધર્મ. ૭

સોળમા તીર્થંકર શ્રી શાંતીનાથજી પ્રભુનું સંક્ષેપ વૃત્તાંત.

સર્વ શાન્તગુણે ભરપૂર મહારાજ શ્રી શાંતીનાથ ભગવંત જેમણે મેઘરથ રાજાના ભવે પારેવાને અભયદાન આપી પોતાનો જાન જવો કબુલ કરેલ હતો, અને તે વખતે ચક્રીવ્રત તથા તિર્થંકર એ બે ગોત્ર સાથેજ બાંધેલા હતા તેના આધારે પોતે સોલમા જીનેંદ્રનું પદ ધારણ કરી જગતમાં શાંતી કરી અસંખ્ય ભવ્યજીવોને તારી પોતાના આત્માનું સાર્થક કરી સીવવધુને મળેલ છે. એવા પરમેશ્વરનું અહોનીશ સ્મરણ કરવાને યાદ રાખવા માટે નીચે પ્રમાણે સ્તવન કરૂંછું.

રાગ ક્ષત્રીકલંકનો.

સોળમા શાંતીનાથ ભગવાન, ગુણ તમારા ગાઉં હોંશેરે.
અંતરમાંથી છોડી અભીમાન, ગુણ. ૧
દશમે ભવે મેઘરથ રાજાન. ગુણ.
આપ્યું પારેવાને અભેદાન, ગુણ. ૨

બાંધ્યું તિર્થંકરગોત્ર જીનરાજ, ગુણ.
ખટ પદવીએ શોભંતા માહારાજ. ગુણ. ૩
અચરામાતા કુખે લીધો અવતાર, ગુણ,
વિશ્વશેન પીતા કુળ મંગળકાર. ગુણ. ૪
હસ્તીનાપુરીમાં જનમ્યા અરીહંત, ગુણ.
મૃગલંછને દીપતા ભગવંત. ગુણ. ૫
જેષ્ટ વદી તેરશ જાણુ, ગુણ.
પ્રભુની જન્મ તિથીરે પ્રમાણુ. ગુણ. ૬
છખંડનું છોડયુ તમે રાજ, ગુણ.
દિક્ષા લેઇ વિચર્યા જીનરાજ. ગુણ. ૭
જેઠ વદી ચઉદશે સંજમ લીધો, ગુણ.
સમતારસનો પ્યાલો પીધો. ગુણ. ૮
એવા પ્રભુજીનું ધરતાં શુભ ધ્યાન, ગુણ.
નકી મળે દૈવતણુંરે વીમાન. ગુણ. ૯
એક લક્ષ વર્ષનું આય, ગુણ.
પ્રભુની સોવનવરણ છે કાય. ગુણ. ૧૦
જેઠ વદી દ્વાદશ સુખકાર, ગુણ.
ધન્ય ધન્ય મોક્ષતીથી શુભ સાર. ગુણ. ૧૧
મારી અરજ રૂદેમાં ધાર, ગુણ.
ન્યાલચંદની વંદણા સ્વીકાર. ગુણ. ૧૨

સતરમા તિર્થંકર શ્રી કુંથુનાથજી સ્વામીનું સંક્ષેપ વૃત્તાંત.

ધન્ય છે એવા જીનેશ્વર ભગવંતને કે જેમણે દુઃખરૂપી સંસારનો પાર પામી અનેક જીવોને સદ્‌બુદ્ધિ આપી મોક્ષે પધાર્યા તેમનું. સ્તવન

રાગ ભરથરીનો.

કુંથુનાથજી સ્વામી કને,
અરજ કરૂં બે કર જોડજી;
આશા પુરોરે પ્રભુ માહરી,
પુરો મનતણા કોડજી. કુંથુનાથજી કષ્ટ કાપજો. ૧
સુર રાજા પીતા સોહામણા,
શ્રીમાતા સુતનંદજી;
તુમ નામે સુખ ઉપજે,
મટી જાયે સહુ ફંદજી; કુંથુનાથજી. ૨
અજા લંછને આપ દીપતા,
નોધારાના આધારજી;
અનંતગુણી પ્રભુ આપ છો,
કર્મ વેરીને માર્યો મારજી; કુંથુનાથજી. ૩
વૈશાખ વદી ચૌદશે પ્રભુ,
જનમ્યા ગુણભંડારજી;
તુમ પસાય અતી ભલો,
નરકમાં હુવો ઝગકારજી; કુંથુનાથજી. ૪
હસ્તીનાપુરીનારાજીયા,
વંદુ આપના પાયજી;
ચક્રીવત પદ છોડીને;
છોડયું ખટ ખંડ રાજજી. કુંથુનાથજી. ૫
ચોશઠ સહસ રાણી છોડી,
વળી છોડયો સબ પરીવારજી;
ભરત ક્ષેત્રનું અધીપતપણું છોડી,
દીક્ષા લેઇ કર્યો વિહારજી. કુંથુનાથજી. ૬
કરમ ખપાવી કેવળ પામીઆ,
કીધો મુક્તીમાં વાસજી,

વરસ પંચાણું હજારના આઉખે,
કરમ સરવે કર્યા નાશજી. કુંથુનાથજી. ૭
તુમ સેવકપર કૃપા કરો,
ઉતારો ભવપારજી;
ન્યાલચંદની અરજ સ્વીકારજો;
વાંદુ વાર હજારજી. કુંથુનાથજી. ૮

અઢારમા તિર્થંકર શ્રી અરનાથ સ્વામીનું સંક્ષેપ વૃત્તાંત.

શ્રી અરનાથ સ્વામી સંસારનો પાર પામી છેલ્લા ભવમાં ચક્રીવતની પદવી સહીત ત્રીલોકના નાથની પદવીએ બીરાજ્યા એવા ભગવંનની દરેક મનુષ્યે અહોનિશ ઘણાજ ઉછરંગથી સેવા કરવી કે જેથી આત્મા સુખી રહે.

રાગ "દેવરીઆ મુનીવર ધ્યાનમાં રહેજો."

હવે અરનાથ પ્રભુના, ગુણુજ ગાસું ગુણુજ ગાસું;
દીલમાં આનંદ થાસું, અરીહંત પાર ઉતારો; ૧.
દેવી માતાની કુંખે, આવીને ઉપન્યા;
દીઠા છે શુભ ચઉદ, સુપના; અરનાથ૦ ૨.
સુદરશન પીતા, સુત આનંદ કારી;
તુમ નામ છે મંગળ, કારી; અરનાથ૦ ૩.
માગશર સુદ દશમે, પ્રભુજી જનમીઆ;
ચોસઠ ઇંદ્ર ઓછવે, મળીઆ; અરનાથ૦ ૪.
ગજપુરી નગરી, થઇ આનંદકાર;
ઓચ્છવનો નવ રહો, કાંઇ પારરે; અરનાથ૦ ૫.

છખંડ તણું રાજ્ય, પ્રભુ એ છોડયું;
મોહ મીથ્યાતનું માન તોડયું. અરનાથ. ૬.
ચોરાસી હજાર વરસનું આયુષ્ય સોહે;
તુમ દેખીને મનડું મોહે. અરનાથ. ૭.
નંદાવ્રત લંછન આપને પાયે;
તે દેખી સહુનું મન ભાવે. અરનાથ. ૮.
કરમ ખપાવી પ્રભુ કેવળ વરીઆ;
જઇ મુકિતીમાં તમે મળીઆ. અરનાથ. ૯.
સેવક ન્યાલચંદ સ્તવન ગાયે;
તે સહુ આપના પસાયે. અરનાથ. ૧૦.

ઓગણીસમા તિર્થંકર શ્રી મલ્લીનાથ પ્રભુનું સંક્ષેપ વૃત્તાંત.

એ પ્રભુ બાળબ્રહ્મચારી જગતને વિષે *સ્ત્રી વેદ થી અવતાર ધારણ કરી અનેક જીવોને ધર્મોપદેશ બતાવી મોક્ષે પધાર્યા, તેવા તીર્થંકર ભગવંતની સ્તુતી દરેક મનુષ્યે હમેશ કરવી એમ મારી પ્રાર્થના છે.

* છ મીત્રોએ કરેલી તપસ્યાને વિષે અધિક પદ પ્રાપ્ત થવાની ઇચ્છાથી પોતાના સોબતીઓ પાસે જુઠું બોલી બીજાઓના કરતાં પોતે એક અપવાશ વધારે કરવાથી તે આગલા ભવનું કપટનું ફળ આ ભવમાં ભોગવવું પડયું અને અચ્છેર કહેવાયું. પરંતુ તિર્થંકરના તમામ ગુણે કરી સહીત વીચર્યા છે.

રાગ ખમાચ.

મલ્લીનાથ ભગવાન નીલે વરણે છે વાન,
છોડયાં માન ગુમાન સુનોરે પ્રભુજી;
તુમ ધરૂં હું ધ્યાન શુદ્ધ ચીત્તે કરી. મલ્લીનાથ. ૧
માતા પ્રભાવતી જાણુ કુંભ પીતા પ્રમાણુ,
તુમ શું કરૂં વખાણુ, સુનોરે પ્રભુજી;
તુમ છોજી સુજાણુ, શુદ્ધ ચીત્તે કરી. મલ્લીનાથ. ૨
શુભ કળશ લંછનદેખી મોહે મારૂં મન;
ખુશી થાયે મુજ તંન, સુનો રે પ્રભુજી;
ગુણ ગાય તેને ધન્ય શુદ્ધ ચીત્તે કરી. મલ્લીનાથ. ૩
નયરી મીથીલાપુરી સાર, તેની શોભાનો નહીં પાર;
જૈનધરમી છે અપાર, સુનો રે પ્રભુજી;
હું વાંદુ વારંમવાર શુદ્ધ ચીત્તે કરી. મલ્લીનાથ. ૪
ત્યાં જનમ્યા અરીહંત, સુખ આપ્યા ભગવંત;
દુઃખનો આવ્યો અંત, સુનો રે પ્રભુજી;
ઓછવ કર્યો ધરી ખંત, શુદ્ધ ચીત્તે કરી. મલ્લીનાથ ૫
માગશર માસ પ્રમાણુ, શુદી એકાદશી જાણુ;
જન્મતીથી વખાણુ, સુનો રે પ્રભુજી;
તુમે છોજી ગુણખાણુ, શુદ્ધ ચીત્તે કરી. મલ્લીનાથ ૬
પંચાવન હજાર વરસ, આયુ શૃંગાર;
શોભા દીસે અતી સાર, સુનો રે પ્રભુજી;
વાંદુ વાર હજાર, શુદ્ધ ચીત્તે કરી. મલ્લીનાથ ૭
ત્રીજે ભવ છલભેદ, જેથી પામ્યા સ્ત્રીવેદ;
તેથી હુવો જરા ખેદ, સુનો રે પ્રભુજી;
તેતો અચ્છેરાનો ભેદ, શુદ્ધ ચીત્તે કરી. મલ્લીનાથ ૮
કરમ કાપી જૈનરાજ, મોક્ષે ગયા મહારાજ,

હુવા સરવે શુભ કાજ, સુનો રે પ્રભુજી;
ન્યાલતણી રાખો લાજ, શુદ્ધ ચીત્તે કરી. મળીનાથ ૯

વીશમા તીર્થંકર શ્રી મુનીસુવ્રત સ્વામીનું સંક્ષેપ વૃત્તાંત.

ઉત્તમ પુરૂષો ગરભે આવે ત્યારે માતા પીતા પણ સુબુદ્ધીવાળા થાયછે અને ગર્ભના પસાયથી ઉત્તમ કાર્યો કુંટુંબમાં બનેછે. તે પ્રમાણે વીશમા જૈનરાજ શ્રી પદ્મમા માતાની કુખે આવવાથી માતાજીએ તથા પીતાશ્રીએ મુનીના જેવા વ્રત પાળ્યા, સબબ ભગવંતનું શ્રી મુનીસુવ્રત નામ આપ્યું. એવા ત્રીલોકીનાથનું પ્રાણી માત્રે અહોનીશ રટણ કરવુંજ જોઇએ.

રાગ-અંખીયાં મહોબત તોડી બેદરદી દીવાના.

(લાવણી).

હે ભવીક જન (૨), વંદો મુનીસુવ્રત સ્વામી;
પાતીક જાયે બધો ભવતણા, એવા છે અંતરજામી. હે ૧
સુમીત્ર રાજા (૨), પ્રભુ પીતા આપના જાણ;
પદ્મા માતાના સુતતણા, હું સ્યા કરૂં રે વખાણ. હે. ૨
રાજગ્રહી નગરીમાં (૨), જનમ્યા શ્રી જૈનરાજ;
જયેષ્ઠ કૃષ્ણ પક્ષ અષ્ટમીએ, અવતરીઆ મહારાજ. હે. ૩
શુભ જન્મ હુવાથી (૨), થયો અતી જેજેકાર;
ઓચ્છવ થયા રળીઆમણા, દેવેંદ્રો આનંદકાર. હે. ૪

શુભ રાજ્ય છોડી (૨), દીધાં અતી વરસીદાન;
દીક્ષા લેઇ વીચર્યા પ્રભુજી, છોડી માન ગુમાન. હે. ૫
શુભ લંછન કાચબો (૨), શોભે પ્રભુજીની દેહ;
ઉતારો ભવપારથી, મહારી અરજ છે એહ. હે. ૬
ત્રીશ સહેસ વરસ (૨), તુમ આયુ ભગવાન;
ઇંદ્ર થકી અધીક દીપંતા પ્રભુ, શ્યામ વરણ છે વાન. હે. ૭
થયા મોક્ષગામી (૨), વદી જ્યેષ્ઠની નવમી સાર;
કરમો આઠ કાપી દીઆ, તે દીવસ અતી સુખકાર. હે. ૮
ગુણ ગાયે ન્યાલચંદ (૨), અરજ કરી કરજોડ;
ભુલ ચુકની મારી માગે, હોય જો ખામી ખોડ. હે. ૯

એકવીશમા તીર્થંકર શ્રીનમીનાથજી સ્વામીનું સંક્ષેપ વૃત્તાંત.

દશ હજાર વર્ષનું પૂર્ણ આઊખું બાંધી ત્રીલોકનાથે મથુરાપુરીમાં જન્મ લીધો, અને ઘણા જીવોનું સાર્થક કરી પોતે શીવ નગરીએ કુશળતાથી પહોચ્યા. તેવા ભગવંતનું સ્મરણ કરવા મારૂં મન ઝલપી રહેલ છે.

રાગ—લલીત છંદ.

નમીનાથજી સુણજો તમે, આજ હર્ષથી વંદીએ અમે;
જૈન એકવીશમા છોજી જગપતી, તુમ શરણથી હોવે સુમતી. ૧
વીજયરાજના સુત તો પ્રભુ, તુજ કને અમે માંગીએ વીભુ;
અરજ ધારીને ટાળો કુમતી, તુમ શરણથી હોવે સુમતી. ૨
વીપ્રા માતાના નંદછો પ્રભુ તમે, તુમ વીના મુને કાંઈ નવ ગમે.
તુમ પ્રતાપથી ટળશે વીપતી, તુમ શરણથી હોવે સુગતી. ૩

શ્રાવણ અષ્ટમી કૃષ્ણ પક્ષની, જન્મતીથી તો શ્રી અરીહંતની;
નગરી મથુરાપુરી સોભતી અતી, તુમ શરણથી હોવે સુમતી. ૪
આયુષ્ય આપનું વરસ સહેસદસ, આપ નામથી પામીએ સુયસ;
આપ પ્રતાપથી મળશે મૂક્તી, તુમ સરણથી હોવે સુમતી. ૫
નીલકમળતણી શોભા શી કહું, તેહ દેખંતાં આનંદ હું લહું;
તેહ લંછન સોહંતુ અતી, તુમ શરણથી હોવે સુમતી. ૬
ન્યાલચંદની અરજ ઊર ધારો, સેવકની તુમે સાહ્ય તો કરો;
માહા માસની અષ્ટમી દીપંતી, તુમ સરણથી હોવે સુમતી. ૭

બાવીશમા તીર્થંકર શ્રી નેમનાથ સ્વામીનું સંક્ષેપ વૃત્તાંત.

બાલબ્રહ્મચારી યાદવકુળનો શણગાર તોરણથી પાછા વળેલ ભગવંત શ્રી નેમપ્રભુ અનેક જીવોનું સાર્થક કરી શીવરમણી વર્યા. તેમનું જે જીવ રટણ કરે તે કદી દુઃખ પામેજ નહીં.

ક્ષત્રી કલંક કેમ લેશોરે— એ રાગ.

હે બાવીશમા જૈનરાજ, નેમ પ્રભુને નિત્ય વંદુરે.
હુંતો અરજ કરૂં માહારાજ; નેમ૦ ૧
શીવાદેવી માતા કેરા નંદ; નેમ૦
જેણે છોડદીઆ જગતના ફંદ. નેમ૦ ૨
સમુદ્રવીજય સુત ભગવાન; નેમ૦
જેનો સ્યામવરણ છે વાન. નેમ૦ ૩
શૌરીપુર નગરી છે વીખ્યાત; નેમ૦

એહ પ્રભુ છે જગ પ્રખ્યાત. નેમ૦ ૪
શ્રાવણ સુદની પંચમી સાર; નેમ૦
પ્રસવીઆ બાવીશમા અવતાર. નેમ૦ ૫
શુભ લછંન શંખ સોહંત; નેમ૦
તેહ દેખી મારૂ મન મોહંત. નેમ૦ ૬
હું તો નમું નીત્ય બાલબ્રહ્મચારી; નેમ૦
જેણે છોડી છે રાજુલ કુમારી. નેમ૦ ૭
એક સહેસ વરસનું આ ; નેમ૦
ન્યાલચંદ સ્તવન એ ગાય. નેમ૦ ૮

ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સંક્ષેપ વૃત્તાંત.

શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સમરણ કરવાથી સુખની પ્રાપ્તી થાય છે અને દુઃખ બીલકુલ રહેતું નથી. સમગ્ર તેવા ત્રીલોકીનાથ જેમની હજુરમાં ધરણેંદ્રદેવ તથા પદમાવતી દેવી હાજર રહી સેવા બજાવતા હતા, અને હજી પણ સેવા બજાવવામાં તતપર છે, તેઓનું અહોનીશ સ્મરણ કરવાથી જીવ સુખ શાંતીમાં રહે છે.

રાગ. સીંહાનો કન્હરો.

પાર્શ્વ પ્રભુ માહારાજ તુમારી,
સુંદર છબી અતી લાગત પ્યારી. પાર્શ્વ૦ ૧
પ્રાણુત વીમાનથી ચવીઆ પ્રભુજી,
બનારસી નગરી પ્રભુજી તુમારી. પાર્શ્વ૦ ૨
અશ્વસેન કુળનંદન સોહે,
વામા માતા સુત જાઊં બલીહારી. પાર્શ્વ૦ ૩

પોષ વદી પ્રભુ દશમીરે જાણું,
જન્મતીથી બહુ મંગલકારી. પાર્શ્વ૦ ૪
જન્મ હુવાથી દેવેંદ્રો આવ્યા,
શુભ ઓછવ કરી આ મનોહારી. પાર્શ્વ૦ ૫
છપન કુમારીકા આવી હોંસે,
ગીત ગાવે અતી આનંદકારી પાર્શ્વ૦ ૬
જોબન વયમે પ્રભાવતી પરણ્યા,
તેહ ઓછવ પણ હુવો સુખકારી. પાર્શ્વ૦ ૭
કુંમરપણે પ્રભુ ક્રીડારે કરવા,
નીકળ્યા જૈનજી શહેર મોઝારી. પાર્શ્વ૦ ૮
કમઠ તપસ્યા કરે કાષ્ટ બાળી,
કાષ્ટમાં હતા નાગ નાગણી ભારી. પાર્શ્વ૦ ૯
તેહ નાગણી પ્રભુએ બતાઇ,
કાષ્ટ ફડાવી તેને ઉગારી. પાર્શ્વ૦ ૧૦
નવકાર સુણાઇ દેવપદ આપ્યું,
ધરણેંદ્ર અતી આનંદકારી. પાર્શ્વ૦ ૧૧
વરસીદાન દઈ સંજમે સંચરીઆ,
તાર્યાં પ્રભુએ કેઇ નરનારી. પાર્શ્વ૦ ૧૨
લંછન સાપનું આપને સોહે,
દેખી અંખીઆ હરખત મહારી. પાર્શ્વ૦ ૧૩
સોય વરસનું આયુષ આપનું,
નીલા વરણે પ્રભુ દીપંતા ભારી. પાર્શ્વ૦ ૧૪
એહ પ્રભુના નીત્ય ગુણ ગાઊ,
નિહાલચંદ વદે જીવીચારી. પાર્શ્વનાથ પ્રભુ. ૧૫

ચોવીશમા તિર્થંકર શ્રી મહાવીર વર્ધમાનસ્વામીનું સંક્ષેપ વૃત્તાંત.

સ્વામી શ્રીજી ચોથા આરાને છેડે ભરતક્ષેત્રના લોકોનું સાર્થક કરવા માટે દશમા દેવલોકથી ચવી શ્રી દેવાનંદા માતાજીની કુખે ઉપન્યા; પરંતુ દેવાનંદામાતા બ્રાહ્મણી હોવાથી ભીક્ષુકુળમાં ત્રીલોકના નાથનો જન્મ હોય નહી, છતાં આવીને ઉપન્યા તેનું કારણ એટલુંજ કે મરીચ કુમારના ભવમાં જાતીમદ વિશેષ કરેલ હતો, સબબ અચ્છેરૂં થયું. પરંતુ શ્રીસક્રેન્દ્ર માહારાજના જાણવામાં આવવાથી હરણ ગમેષી દેવતાને હુકમ આપ્યો, તેમણે ત્યાંથી ગર્ભસહારી ક્ષત્રીકુંડનગરને વિષે સીદ્ધારથ રાજાને ઘેર ત્રીસલાદેવી ક્ષત્રીઆણી માતાની કુખે મુકવાથી સ્વામી શ્રીજીએ ત્યાં અવતાર ધારણ કર્યો. અને ધન ધાનની વૃદ્ધી થવાથી વર્ધમાનકુમાર નામ આપ્યું. આઠ દશ વર્ષની તરૂણ ઉમરમાં ત્રીલોકના નાથ ગામ બહાર ક્રીડા કરવા ગયા, ત્યાં દેવતા આવવાથી સ્વામીના બળની પરીક્ષા લેતાં સ્વામીશ્રીએ દેવતાને હરાવી પોતાનું બળ પરાક્રમ જણાવ્યું તે વખતે મહાવીર એવું નામ ધારણ કર્યું. એવા ત્રીલોકીનાથ શ્રી મહાવીર વર્ધમાનસ્વામી અનુક્રમે ઘરવાસથી મુકાઇ વરસીદાન આપી સંજમ લઇ અનેક કઠણ પરીસા સહન કરી કેવળ પામી નીરવાણ મોક્ષ પધાર્યા. તેવા અનંત ગુણી ભગવંતનું જે માણુસ હમેશાં રટણ કરી નીચેનું સ્તવન ગાય તે માણુસના આત્માનું સાર્થક થયા વીના રહેજ નહી.

રાગ—લાવણી.


જોડી તેં નવ જોઇ માડી—એ રાગ.


ચોવીશમા મહાવીરસ્વામી (૨)
કર્મ ખપાવ્યામાં એહ પ્રભુએ નથી રાખી ખામી, ચો૦ એટેક ૧
પ્રાણુત વીમાન થકી ચવીઆ (૨)
માતા દેવાનંદાની કુખે આવી અવતરીઆ. ચોવીશમા૦ ૨
અશાડ સુદ છઠે પ્રભુ ઉપન્યા (૨)
ખારી રાત્રી રહ્યાં ત્યાંતો સુપના ચઉદ દીઠા. ચોવીશમા૦ ૩
ઈંદ્રનું આસન તો ચમકયું (૨)
અનંતકાલે થયું અચ્છેરૂં ભીક્ષુકુળ અરપ્યું. ચોવીશમા૦ ૪
હરણુગમેષીને દેખી, સકેંદ્રે હુકમ કર્યો બહેકી;
ગર્ભ સહારો તમો જઇને ઢીલ ન કરો એકી. ચોવીશમા૦ ૫
દેવો જલદીથી તો આવ્યા (૨)
દેવાનંદાને નીંદ્રા દઇને પ્રભુ ગુણ ગાયા. ચોવીશમા૦ ૬
રૂડું કરી માનજો સ્વામી (૨)
એમ કરીને ગર્ભ લઇને ક્ષત્રીકુંડ જવા કામી. ચોવીશમા૦ ૭
ક્રીયા સરવે શુભ તો કીધી (૨)
ત્રીસલાદેવીનો ઉદય કરીને દેવે સ્વર્ગવાટ લીધી. ચોવીશમા૦ ૮
ચૈત્ર શુદ પાંચમ સુખકારી (૨)
જન્મ થયાથી શુભ થયું આઇ, છપને કુમારી. ચોવીશમા૦ ૯
મહોચ્છવે આવ્યા દેવ સહુ (૨)
તેહ વર્ણનથી એહ ગ્રંથ તો વધી જાય બહુ ચોવીશમા૦ ૧૦
પીતા માય સુખ બહુ પાયા (૨)
સીદ્ધારથ રાજાના સ્નેહીઓ ઊછરંગે આયા. ચોવીશમા૦ ૧૧
માય તાત સ્વર્ગ થયા જ્યારે (૨)

સંજમ લીધો દીનાનાથે કર્મ કાપ્યા ત્યારે. ચોવીશમા૦ ૧૨
સીંહ લંછન સુખકારી (૨)
દરશનથી સહુ પાપજ જાયે નામ આનંદકારી. ચોવીશ૦ ૧૩
વરસ બહુતેર તણું આયુ (૨)
ઘણા દુઃખ સહન કરીને મોક્ષપદ પાયું. ચોવીશમા૦ ૧૪
જઇ તમે સીદ્ધમાંહી ભળીઆ (૨)
જોતમાં જોત અરીહંત તમે તો ઉત્તમને મળીઆ. ચો૦ ૧૫
સ્તવન હુલાસ થકી કરીશું (૨)
સેવક **નિહાલચંદ**નુ તેથી દીલ અતી ઠરીયું. ચોવીશ૦ ૧૬

રાગ ગીતી.

જૈન ચોવીસે પ્યારા, સુખ કર્ત્તા દુઃખ હરનારા;
સ્થીરતાથી સહુ વાંચે, સ્તવનો એ સઘળાં પ્યારા. ૧





ॐ

શ્રી ચક્રવૃત્તીઓની હકીકતનું વર્ણન.

દરેક ચક્રવૃતી પુરા પુન્ય કરી તપજપ કરી અવતાર ગૃહણુ કરે છે તેઓના સુખનું સંક્ષેપ રીતે વીવેચન લખવું આ જગોએ દુરસ્ત જણાતાં લખવામાં આવે છે.

દરેક ચક્રવૃતીને ત્યાં ૧૪ રતન, ૯ મહાનીધાન, ૧૬૦૦૦ દેવતા ચાકર, ૩૨૦૦૦ મોટા રાજા દેશના ધણી સેવામાં હાજર રહે.—રૂતે રૂતે સુખની આપણહારી કલ્યાણીક એવી ૩૨૦૦૦ રાણીઓ તથા જનપદ કલ્યાણીક ભરતક્ષેત્રમાં સૌભાગ્યવંતી, આ ભવને વિષે શ્રેય કલ્યાણની આપણહારી એવી પુન્યવંત ૩૨૦૦૦ રાણીઓ બીજી; એ રીતે ૬૪૦૦૦ હજાર રાણીઓનો પરીવાર, ૩૨૦૦૦ બત્રીશ હજાર દેવતા બત્રીશ બંધ નાટકના કરણહાર, ૩૬૦ રસોયા રસોઇના કરણહાર, અઢાર શ્રેણી પ્રસણીકટક ૮૪૦૦૦૦૦ ચોરાસી લાખ હાથી, ૮૪૦૦૦૦૦ ચોરાસી લાખ ઘોડા, ૮૪૦૦૦૦૦ ચોરાસીલાખ મોટા સંગ્રામીકરથ, ૯૬૦૦૦૦૦૦૦ છનું કરોડ પાળા, ૭૨૦૦૦ બહુતેર હજાર મોટા નગર, ૩૨૦૦૦ બત્રીશ હજાર દેશ, ૯૬૦૦૦૦૦૦૦ છનુ કરોડ ગામ નાનાં, ૧૫૯૯૦૦૦ પંદર લાખ નવાણું હજાર બંદરો કે જ્યાં અહોનીશ વહાણો ખાળામાંથી આવ્યાં કરે, ૧૬૪૮૦૦૦ સોળ લાખ અડતાલીશ હજાર મોટા પાટણ, જેમાં રેશમ વણાય, ૧૦૨૪૦૦૦ દશ લાખ ચોવીશહજાર ઉંચા ડુંગર ઉપર ગામ, ૨૪૦૦૦ ચોવીશ હજાર મંડપ, પાંચ કોશમાંહી ગામ કોઇ ન હોય. ૨૦૦૦૦ વીશ હજાર સોનાના આગર, ૧૬૦૦૦ સોળ હજાર ખેડા સ્થળના ગામ, ૧૪૦૦૦ ચઊદ હજાર સંબારણ કે જ્યાં મેળો ભ:

રાયઃ—૫૬ છપન અંતરૈદગ પાણીમાં બેટ રૂપે, ૪૯ ઓગણપચાશ કુરૂજણા એટલે ભીલાદીકના રાજ.

એવી ચોવીશ પ્રકારની રીદ્ધીએ ભરપુર ભરતક્ષેત્રનું અધીપતપણું રાખી એક છત્રે રાજ્ય કરે અને ભરતક્ષેત્રના સ્વામી કહાવે, મનુષ્ય માત્રમાં ઇંદ્રસમાન વર પ્રધાન ચંદને કરી ચરચીત પુજીતછે. જેના અંગ પ્રધાનહારે કરી રચ્યાં છે, જેનો હૃદય મુગટે કરી વીસીષ્ટ શોભાવંત વર પરધાન, વસ્ત્ર આભુષણના ઘરેણા સબંધી સુગંધ ફુલની માળાએ કરી શોભાયમાન વરનાયક, વાંજીત્ર સ્ત્રીના સમુદાય સાથે પરવર્યા થકાં સર્વે ઔષધી, સર્વે રતન, સર્વે રૂદ્ધી સહીતપણે સંપુર્ણ સર્વે મનોરથ જેના થયા છે. વળી શત્રુને હણ્યાં છે, શત્રુઓ તરણાં માત્ર થઇ ગયા છે, માન મરતબે કરી તપ તેજના ભાવે સુકૃત કમાણીના લીધે પુરવે કહેલાં સઘળાં સુખ ભોગવે છે, એવા સંપુર્ણ રાજના ભોગવણુહાર ચક્રવર્ત્તી શાસ્ત્રને વિષે વર્ણવ્યા છે તે રાજ્ય રીતીમાં રહી મોજ શોખ માણે અને રાજ સહીત મરે તો નારકીમાં જાય અને રાજ્ય છોડી ચારીત્ર માર્ગ આદરે તો મોક્ષ અથવા દેવલોકમાં જાય, પરંતુ તે સઘળા ઊત્તમ પુરૂષો જેના માથે છાપ છે; સબબ ઊતમ પુરૂષો માની તેમના સ્તવનો બનાવવામાં આવ્યાં છે.

પહેલા ચક્રીવૃત્ત ભરત મહારાજનું સ્તવન.

રાગ ઇંદ્રસભાનો.

પ્રથમ તિર્થંકરની વારે, ભરત ચક્રી વૃત;
પુરીતાલ નગરીમાં હુવા, કરવા કાજ સુકૃત. ૧
માતા સુમંગળતણાજી, પુત્ર છો તમે;

નામ તુમારૂં સુખકારી, વંદીએ હમે. ૨
રીખભદેવ સુત હું તો, વંદુ નિત્યે પાય;
તુમારા ગુણ ગાતાં થકાં, આનંદ અંગ ન માય. ૩
ચક્રીવૃતનું પદ દીપાવ્યું, ભરત ક્ષેત્રમાંય;
પાંચસે ધનુષ્યના દેહીમાને, શોભે આપની કાય, ૪
સ્ત્રી રતન આપની, સુભદ્રા શુભ નાર;
પતીવ્રતા તે શુદ્ધ પોતે, શોભા દીશે અપાર. ૫
અરીસા ભુવનમાંહી તમે, જાણ્યો અથીર સંસાર;
કામ ભોગ છાંડી કરી, લીધો સંજમ ભાર. ૬
અષ્ટ કરમો કાપી દીધા, હુવો કેવળ ઝળકાર;
ચોરાશી લક્ષ પુર્વ આયુષ્ય, પહોંચ્યા મોક્ષ મોઝાર. ૭
કર જોડીને ગુણ ગાયે, સેવક **નિહાલચંદ**;
ભુલ ચુકની માફી માગે, કરમ થાયે નિકંદ. ૮

બીજા ચક્રવૃત્તી સગરનું સ્તવન.

રાગ ધનાશ્રી.

સગર ચક્રી સુખદાઇ, ભવીયણ સગર ચક્રી સુખદાઇ.
વીજય વીમાન ચવીને આવ્યા, અતી ઘણીરે પુન્યાઇ. ભ૦
અયોધ્યા નગરીમેં જનમ્યા પ્રતાપી,
ધન્ય ધન્ય તુમ કમાઇ. ભવીયણ. ૨
પીતા તુમારા સુમીત્ર રાજા;
મતુ જશવંતી બાઇ. ભવીયણ. ૩
જન્મ હુવાથી આનંદ હુવો,
આપે અતીરે વધાઇ. ભવીયણ. ૪
છખંડ પૃથ્વીનો સીરછત્ર,
ફીરે આણ દુવાઇ. ભવીયણ. ૫

શ્રી રત્નભદ્રા ભલી શોભે,
તે સહુ પુન્યપસાઇ. ભવીયણ. ૬
અજીત પ્રભુની વારે હુવા તમે,
થઇ અતી આનંદતાઇ. ભવીયણ. ૭
સાડા ચારસો ધનુષ્યની દેહી,
શોભે સુંદર કાય. ભવીયણ. ૮
સાઠ હજાર સુતનું મૃત્યું દેખી,
સંસાર જાણ્યો દુઃખદાઇ. ભવીયણ. ૯
દીક્ષા લઇને વીચરે જોગીશ્વર,
કર્મ દીધારે કટાઇ. ભવીયણ. ૧૦
બહુતેર લાખ પુર્વનું આઉખું.
ભોગવી મોક્ષજ પાઇ. ભવીયણ. ૧૧
એવા ગુણવંતના ગુણજ ગાતાં,
આનંદ અંગ ન માઇ. ભવીયણ. ૧૨
સેવક ન્યાલચંદ અરજ કરેછે,
હોજો સદા હર્ષ ભાઇ. ભવીયણ. ૧૩

ત્રીજા ચક્રવૃતી મઘવનું સ્તવન.

રાગ બનજારો.

મઘવ ચક્રવૃતી મન પ્યારા, તુમેછો અતી મોહનગારા.
નવગ્રિવેકથી તુમે ચવીઆ, સાવરથીમાંહી અવતરીઆ;
ઓચ્છવ હુવા બહુ સારા, તુમેછો અતી મોહનગારા. ૧
વીજયપીતાનું કુલ દીપાવ્યું, છ ખંડમાં નામ શોભાવ્યું;
ભદ્રા માતાની કુખે પધાર્યા, તુમેછો અતી મોહનગારા. ૨
શ્રી રતન સુનંદા, સતી શીરોમણી જયચંદા;

ખરા પુન્ય એહ તુમારા, તુમે છો અતી મોહનગારા. ૩
બેતાલીશ ધનુષ્યની કાયા, તમે છ ખંડ પૃથ્વી રાયા;
સેવામાં રાય બત્રીશ હજારા, તુમેછો અતી મોહનગારા. ૪
ધર્મ પ્રભુજી ગયા નિરવાણુ, પછી હુવા શાંતી ભગવાન;
તે અંતરે તમે કાર્ય સાર્યા, તુમે છો અતી મોહનગારા. ૫
તુમ આયુષ્ય વરસ લક્ષ પાંચ, તુમ નામે નાવે આંચ;
એવાછો અતી મંગળકારા, તુમે છો અતી મોહનગારા. ૬
તમે ચારીત્ર શુદ્ધ પાળી, કર્મ સહુ દીઆ ગાળી;
મોક્ષે ગયા ચક્રી સુખકારા, તુમેછો અતી મોહનગારા. ૭
એહ સ્તવન મે તુમ ગાયું, જેથી દીલમારૂં હરખાયું;
ન્યાલચંદ ગુણ ગાય તમારા, તુમેછો અતી મોહનગારા ૮

ચોથા ચક્રીવ્રત સનંતકુમાર સ્વામીનું

સ્તવન.

રાગ લાવણી.

તુમે વંદો સનંતકુમાર, ચક્રી સુખદાઇ;
તેથી મળશે અમર વીમાન, નક્કી કહું ભાઈ. ૧
મહેંદ્ર સ્વર્ગથી ચવી, તુમે અવતરીઆ;
ગજપુરી નગરીના સર્વ કાજતો સરીઆ. ૨
સહદેવીની કુખે જનમ્યા, તમે સોભાગી;
પીતા વીશ્વશેનતણી શુભ દશા જાગી. ૩
હુવા છ ખંડના તુમે નાથ, અતી ગુણભરીઆ;
તુમે પુન્ય પસાયે પામ્યા સુખના દરીઆ. ૪
શુભ કંચનવરણી દેહી, સકેંદ્રે વખાણી;

નવ માન્યું મીથ્યાતી દેવ, અહંકાર આણી. ૫
બેઉ ભરીએલ બેઠા, સામળીઓ મન રંગે;
દેવ આવ્યા અજાણ્યા થઈ, ઇંદ્ર માન ભંગે. ૬
જબ બોલ્યો ચક્રીવત, ક્યા દેખો તુમ કાયા;
સ્નાન મંજન કરી લઉં, તબ આવો મુજ ભાયા. ૭
દેવ આવ્યા બીજી વાર, નીરખવા કાજે;
મુક્યો સોળ પ્રકારનો રોગ, ગર્વ નહીં છાજે. ૮
તંબોળ નાંખીને ચક્રીવતે જબ જોયું;
તબ હુષ ગયો બહુરે ઉદાશ, જીવીત સહુ ખોયું. ૯
થયો વૈરાગી કુમાર, ઘર સહુ છોડી;
દીક્ષા લેઈ કરીઓ વીહાર, મોહને મોડી. ૧૦
સ્ત્રી રત્ન ચક્રીની, જયા નામેજ સોહીએ;
ક્લીકર જોડી કહે સ્વામી, આમ નવ જોઇએ. ૧૧
માને નહીં કોઇનું રાય, કરમને કાપે;
ચુંક્રેથી રોગ સમાવે, ધ્યાન ઊથાપે. ૧૨
એકતાળીશ ધનુષ્યનું, દેહીમાન બહુ રૂડું;
ત્રણ લાખ વરસનું, આયુષ્ય જાણ્યું કુડું. ૧૩
કેવળજ્ઞાન લઇને, મોક્ષે ચક્રી પધાર્યા;
આત્માને કરીઓ નિહાલ, કાર્યો સુધાર્યા. ૧૪

પાંચમા ચક્રીવત શ્રી શાંતીનાથજી મહારાજનું સ્તવન.

રાગ આશાગોડી.

શાંતી પ્રભુ સુખદાઈ પાંચમા ચક્રી શાંતી પ્રભુ સુખદાઇ;
સ્વારથસીદ્ધ વૈમાનથી ચવીને, ગજપુરીમાં આઈ. પાં૦ ૧

સર્વે હકીકત આપની પ્રભુજી, સોળમી સઝાયમાંહી પાં૦ ૨
શ્રી રતનજે આપની સોહે, વીજયાદેવી હમ માઇ. પાં૦ ૩
ચાળીશ ધનુષ્યના દેહીમાનેથી, જગ્ત જાણ્યો દુઃખદાઇ.પાં૦ ૪
તુમ ગુણ કેહેતાં પાર ન આવે, ગાઉં હું એક ચીતલાઈ.પાં૦ ૫
પા લાખ વરસ કુંવરપણામાં, પા લાખ રાજની માંહી પાં૦ ૬
ચક્રીવતપણે પા લાખ ગાળ્યા, પછી દુનીઆ દુઃખ મીટાઇ.પાં૦૭
પા લાખ વરસ ચારીત્ર પાળ્યું, એક લાખે સુક્રતે ગુમાઇ.પાં૦૮
તુમ નામેથી શાંતીરે ઉપજે, દુઃખ સહુ મીટી જાઈ. પાં૦ ૯
કરજોડી ન્યાલચંદ કહેછે, કરો તમે અવીકખાઈ. પાં૦૧૦

છઠ્ઠા ચક્રીવત શ્રી કુંથુનાથજી માહારા-
જનું સ્તવન.

રાગ ગજલ.

(સરકાર રજા દીજીએ) એ રાગ.

કુંથુનાથજી ચક્રી જાણું, ભરત દેશની માંહ;
ભરત દેશની માંહ પ્યારા, ગજપુરીના રાય. કુંથુનાથજી. ૧
સુર રાજાના નંદન, શ્રી દેવીના નંદ;
શ્રી દેવીના નંદ તમે, જગતને આનંદ. કુંથુનાથજી. ૨
કનર શ્રી રાણીના કંથ, શ્રી રત્ન સુપાત્ર;
શ્રી રત્ન સુપાત્ર સોહે, ધનુષ્ય છત્રીસ ગાત્ર. કુંથુનાથજી. ૩
આયુષ્ય પંચાણું સહેસ, ચક્રીવત સુજાણ;
ચક્રીવત સુજાણ પછી, હુવા તમે ભગવાન. કુંથુનાથજી. ૪
યથાસ્થીત વીગત આપની, આગળ તો કહી;
આગળ તો કહી પ્રભુજી, ન્યાલને મન વસી. કુંથુનાથજી. ૫

સાતમા ચક્રીવત શ્રી અરનાથ સ્વામીનું સ્તવન.

મારા સ્વામી બોલોને વહાલા— એ રાગ.

અરનાથ પ્રભુ ચક્રીપદ પાયા,
વિધારે ગુણનાનીધી તુમે રાયા. અરનાથ પ્રભુ એ ટેક.
અપરાજીત વૈમાનથી ચવીઆ,
આવીને ગજપુરે અવતરીઆ;
સુદરશનરાય સુખ બહુ પાયા, અરનાથ૦ ૧
દેવી માતા નંદન શુભકારી,
તુમ નામે નિત્ય મંગળ કારી;
સુર શ્રી સ્ત્રીના ભાગ્યે તુમે આયા, અરનાથ૦ ૨
ચક્રીવ્રતપદ જાણો મોટું,
પણ તુમે જાણ્યું સહુ ખોટું;
અથીર જાણી સીવપુરી મેં મન ગોઠ્યું, અરનાથ. ૩
ત્રીસ ધનુષ્ય તુમારી દેહી,
નિરખંતા નયન ઠરે સહી;
તુમે દુઃખ સબરે દીઆ ઠેહી. અરનાથ. ૪
આપના ગુણ આગળ મેં ગાયા,
તેના કાંઇ પાર નહીં આયા;
ન્યાલચંદ તો સુખ બહુ પાયા અરનાથ૦ ૫

આઠમા ચક્રીવૃત સ્વયંભુની હકીકતનું કાવ્ય.

રાગ—ક્ષત્રીકલંક કેમ લેશેરે.

આઠમા ચક્રીવત સૌભાગ્ય સંજમ તુમે નહીં લીધોરે.
સ્વયંભુ તુમારો નામ. સંજમ૦ ૧
જયંત વીમાનથી ચવીઆ, સંજમ૦
ગજપુરીમાંહે અવતરીઆ. સંજમ૦ ૨

કીર્ત્તીવિજ પીતા તુમારા સોહે; સંજમ૦
તારા માતા શુભ મનમોહે. સંજમ૦ ૩
ઉમાશ્રી શ્રી રતન સુખકાર, સંજમ૦
થયા અરમલ્લીને અંતાર. સંજમ૦ ૪
અઠાવીસ ધનુષ્ય દેહીમાન, સંજમ૦
રહ્યા સુખમાંહે રોજ ગુલતાન; સંજમ૦ ૫
સાઠ હજાર વર્ષ તુમ આય. સંજમ૦
સંસારી સુખ સરવે તુમ પાય. સંજમ૦ ૬
સમકીતી થઇ પાળ્યા નહીં ધર્મ, સંજમ૦
તે તો એક ભવનો પડયો કર્મ. સંજમ૦ ૭
ગતી તમતમા પ્રભા દુઃખકાર, સંજમ૦
ત્રીજે ભવે જાશો તુમે પેલી પાર સંજમ૦ ૮
એવા પ્રબળ પ્રતાપી જેહ, સંજમ૦
ભુલી જાય પછી શ્યોરે સંદેહ. સંજમ૦ ૯
અવસર ઓળખી ચાલો ભાઇ, સંજમ૦
ન્યાલચંદ કહે ધરમ સુખદાઇ. સંજમ૦ ૧૦

નવમા ચક્રીવત મહાપદ્મનું સ્તવન.

શ્રી ગુરૂ ચરણેરે નીત્ય નમીએ—એ રાગ.

મહા પદ્મ ચક્રીરે નિત્ય નમીએ,
એવા ઉત્તમને રોજ વંદીએ. મહાપદ્મ. ૧
બ્રહ્મ દેવલોકેથી ચવીઆ,
આવી રાય ગ્રહીમાં અવતરીઆ;
માતા પીતાએ ઓચ્છવ બહુ કીધા,
સહુએ સુખ મુક્તીના લીધા. મહાપદ્મ. ૨
પદ્મોતર રાજારે કહીએ,

માતા જાલાદેવી લહીએ;
સ્ત્રી રતનસુંદરી નામે શોભે,
પરીવાર દેખી મારૂં મન થોભે. મહાપદ્મ. ૩
વીશ ધનુષ્યની રે કાયા;
હતા જ્યારે મુનીસુવ્રત જીનરાયા;
ત્રીસ સહેસ વરશ તુમ આયુ;
કહે ન્યાલચંદ હું તો ગુણ ગાઊ. મહાપદ્મ. ૪

દશમા ચક્રીવ્રત હરીખેણનું સ્તવન.

રાગ. વાલા એકમે ઓળખ્યા સ્વામીરે. એ રાગ.

હરીખેણ ચક્રી દશમારે, તે તો મોક્ષે ગયા પાળી દીક્ષારે;
તેના નામ અમર રહ્યા જગમાં, ચક્રીવ્રત જાણજો શુભ રંગરે. ૧
મહેંદ્ર સ્વર્ગથી ચવીઆરે, તે તો મથુરા માંહે પ્રસવીઆરે;
હરી રાજા માતા મેરા મૈઆ, ચક્રીવ્રત. ૨
સ્ત્રી રત્ન દેવી નામેરે, સુખ સંપદા સઘળી પાસેરે;
કલ્પવૃક્ષ કલ્યો નવ જાયે, ચક્રીવ્રત. ૩
નેમીનાથની વારે ચક્રી શોભેરે, તુમ દરશનથી દીલ ઓપેરે;
દેહી પંદર ધનુષ્યની થોભે, ચક્રીવ્રત. ૪
દશ સહેસ વરસનું આયુ રે, તુમ ગુણ હું રંગે ગાઊરે;
ન્યાલચંદ કહે સુખ પાઊ, ચક્રીવ્રત. ૫

અગીઆરમા ચક્રીવ્રત જયનું સ્તવન.

રાગ સીઅળ ધરીજે બેની સીઅળ પાળીજે.

એ રાગ.

જય ચક્રી મન જાણીએ, અગીઆરમા શુભકારરે;

બ્રહ્મદેવલોકથી ચવીઆ, નગરી કાશીપુરી સુખકારરે.
ભવી ઊત્તમના ગુણ ગાઇ લીઓ. ૧
વીજય પીતા વીપ્રા માતા, તુમથી પાયા સુખ અનંતરે;
શ્રી રતન શુભ સોહંતી, નામે જાણું લક્ષ્મીવંતરે. ભવી.૨
નેમનાથ પ્રભુની વારે, હુવા તુમે મહારાજરે;
છખંડ સાધી રાજ્ય ભોગવ્યું, પછી છોડું સબ કાજરે. ભવી.૩
ત્રણ સહેસ વરસ લગી, જીંદગી કરી સફળરે;
બાર ધનુષ્યતણી દેહી, પામ્યા સુક્રાત ફળરે. ભવી.૪
મોક્ષે ગયા કર્મને દહી, પામ્યા સાસવતુ સુખરે;
ન્યાલચંદની અરજ સાંભળી, કાપો માહારૂં દુઃખરે. ભવી.૫

બારમા ચક્રીવ્રત બ્રહ્મદતની હકીકત.

દેશી લાલની.

બ્રમદત ચક્રી બારમોરે લાલ,
ભાખ્યો સુત્ર મોઝારરે; ભવીકજન.
સાતમે દેવલોકથી ચવીરે લાલ,
કંપીલપુરમાં વાસરે. ભવીકજન સમકીત. ૧
બ્રહ્મ પીતા સોહામણારે લાલ,
ચુલણી માતા જયકારરે; ભવીકજન.
નેમ પાર્શ્વને અંતરેરે લાલ,
હુવા ભરતના નાથરે. ભવીકજન. સમકીત. ૨
શ્રી રત્ન શુભ સોહંતારે લાલ,
કુરૂમતી રાણી સુખકારરે; ભવીકજન.
સાતસે વરસને આઊખેરે લાલ,
ભોગવ્યું સુખ અપારરે; ભવીકજન. સમકીત. ૩

સાત ધનુષ્યનું દેહ સોભતુંરે લાલ,
કર્મતણો આભાસરે; ભવીકજન.
સંજમ તો સુજ્યો નહીંરે લાલ,
જેથી નરકમાં અવાસરે. ભવીકજન સમકીત. ૪
શ્રી જૈન વચન છે દીપતોરે લાલ,
જો ચારીત્ર ગ્રહે ચક્રી રાયરે; ભવીકજન.
મોક્ષગતી થાય તેહનીરે લાલ,
નહીં તો નરકમાં જાયરે. ભવીકજન. સમકીત. ૫
ત્રીજે ભવ તો શીવપુરમાં વસેરે લાલ,
એવી તેઓ ઉપર છાપરે. ભવીકજન;
સેવક ન્યાલચંદ એમ કહેરે લાલ,
ઉત્તમને પણ નડે પાપરે. ભવીકજન સમકીત. ૬

इति श्री चक्रीव्रतोनी हकीकत संपुर्ण.

૩૭-૩૮-૩૯ પહેલા બળદેવ "અચળ" તથા વાસુદેવ "ત્રીપુષ્ટ" તથા પ્રત્યેક વાસુદેવ "અશ્વગ્રીવ" નું સ્તવન.

રાગ ત્રીતાલની ચોપાઈ.

જૈનરાજ અગીઆરમા જાણુ, શ્રેયાસ પ્રભુજીરે પ્રમાણુ;
તેહની વારે પ્રત્યેક વાસુદેવ, હુવો અશ્વગ્રીવ તતખેવ. ૧
અશ્વગ્રીવ રાજ્ય કરે છે, પ્રજા સરવે સુખેથી ફરેછે;
પુન્ય પુરા થઇ રહ્યા જ્યારે, પ્રગટ થયો દુશ્મન ત્યારે. ૨
વીશ્વનુભુતી કેરો જીવ, પોતનપુરીમાં પ્રગટયો બીવ;

પ્રજાપતી રાજાને ઘેર, થયો ત્રીપુષ્ટ વાસુદેવ. ૩
મૃગાવતી માતાની કુખ, પ્રસવ થયો નવ રહી ભુખ;
ઉમર લાયક થયો જેટલે, અશ્વગ્રીવને માર્યો તેટલે. ૪
વેર ભાવના જેહ સંબંધ, છુટે નહીં તેનો જબરો બંધ;
સગો ભાઇ અચલ બળદેવ, માતા તારાદેતણી કરે સેવ. ૫
ત્રીપુષ્ટે સંગ્રામ કીધો અપાર, તેતો વાસુદેવનો આચાર;
ગતી નર્કની થાયે ખરી, પણ પછી તે સીવપુરી. ૬
અચળ રાજ રાજ્ય પાળી, દીક્ષા લેઇ થયો કેવળી;
મોક્ષે પહોંચ્યો શુદ્ધ ચીંત કરી, જેને સીવરમણી વહુ વરી. ૭
વરસ સહેસ ચોરાસી જાણ, આયુષ્ય તેઓનાારે પ્રમાણ;
એંસી ધનુષ્યનું દેહીમાન, ગુણ ગાતાં ન્યાલને આવ્યું ભાન. ૮

૪૦–૪૧–૪૨ બીજા બળદેવ "વીજય" તથા વાસુદેવ "દ્વીપુષ્ટ" તથા પ્રત્યેક વાસુદેવ "તારક" નું સ્તવન.

રાગ મરસીઆ.

જૈન બારમા વાસુપુજની વારે, તારક પ્રત્યેક હુવો ત્યારે;
કરે રાજ સુખ સહુ ભારેરે,
આજ સુગુણો ઉત્તમના ગુણ ગાઇ લીઓ. ૧
દ્વારામતીમાં શત્રુ જાગ્યો, પીતા બ્રહ્મને ત્યાં દુઃખ ભાંગ્યો;
પ્રવર્તકના જીવે સુખ માગ્યો, આજ૦ ૨
નામ આપ્યું દ્વીપુષ્ટ વાસુદેવ, જેની ઘણાં કરે બહુ સેવ;
માર્યો તારકને કરી ભેદરે. આજ૦ ૩
વાસુદેવના જેવા આચાર, તેવા સંગ્રામ કીધા હજાર;
લાખ બહુતેર વરસ લગારરે. આજ૦ ૪

ભાઈ બળદેવ વીજય નામે, તેના સીજ્યાં છે વછીંતકામે;
સીતેર ધનુષ્ય દેહીમાનેરે, આજ૦ ૫
માતા ઉમાદેવી વાસુદેવની, સુભદ્રા જાણોરે વીજયની;
એક પીતાની બંને પત્નીરે. આજ૦ ૬
દ્વીપુષ્ટ તારક એ દેવા, તે તો ગયા નરક દુઃખ લેવા;
ભવ ત્રીજે પામસે મેવારે. આજ ૭
વીજય શુભ સંજમ તો પાળી, દુઃખ સરવે દીઆ જેણે ટાળી;
ફુલ ઉપર તત્પર જેમ માળી. આજ૦ ૮
ગુણ ગાયા અંતર ઉરધારી, મોહ મીથ્યાદીકને મારી;
પ્રભુ લીઓ નિહાલને ઉગારી, આજ સુગુણો ઉત્તમના;
ગુણ ગાઇ લીઓ૦ ૯

૪૩-૪૪-૪૫ ત્રીજી બળદેવ "ભદ્ર" તથા વાસુદેવ "સ્વંયભુત" તથા પ્રત્યેક વાસુદેવ "મેરક"નું સ્તવન.

રાગ પીલુ.

ઉત્તમ નરને બંદના હમારી,
હોજો અહોનીશ વારંમવારી; ઉત્તમ નરને. ૧.
વીમલ પ્રભુજીની વારે રાજા,
પ્રત્યેક વાસુદેવ મેરક તાજા; ઉ. ૨
સુખ સમાધી રાજ્ય કરેછે,
દિલમાં નિશ્ચીંત રાય રહે છે; ઉ. ૩
ધનદત્તનો જીવ દ્વારામતી ઉપન્યો,
સ્વંયગ ભુ નામ ધરાયો; ઉ. ૪

રૂદ્રપીતા પુહળદેવી માતા,
પુત્ર પ્રસંગેથી ઉપજી શાતા; ઉ. ૫
મેરકને મન ચીંતાઓ પેઠી,
શત્રુ જાગ્યો કાયા દુઃખ વેઠી; ઉ. ૬
મેરક મારી રાજને લીધું,
વાસુદેવે કામજ કીધું; ઉ. ૭
ભ્રાતા ભદ્ર રહે વીલાસે,
તેણે સંજમ લીધો અત્રાસે; ઉ. ૮
મોક્ષે ગયા તે દુઃખને છંડી,
જેણે સંસારજ્વાળ કીધી ઠંડી; ઉ. ૯
વિના સંજમે બેઉ નરકે પોહોંચ્યા,
પણ અંતે છે મોક્ષના મોતી; ઉ. ૧૦
ઉત્તમ નરનો દેહજ સારો,
નિહાલ થવા સંસાર કર્યો ખારો; ઉ. ૧૧

૪૬-૪૭-૪૮ ચોથા બળદેવ "સુપ્રભ" તથા વાસુદેવ "પુરૂષોત્તમ" તથા પ્રત્યેક વાસુદેવ "મધુકીટક"નું સ્તવન.

રાગ રામગ્રી.

અનંત પ્રભુ જૈન ચઉદમા, વીચરંતા ભરત મોઝાર;
એહી અવસરે મધુકીટકજી, પ્રત્યેક વાસુદેવ સાર;
સુલક્ષા પુરૂષને વાંદીએ૦ ૧
પુરૂષોત્તમ પ્રગટ થયો, સુંદર દતનો જીવ;
બારવઇ નગરીમાં ઉપન્યો, સુખ સમાન પુરી શીવ. સુ૦ ૨

સોમ રાજાને ઉચ્ચેત્ત થયો, થયો વાસુદેવ જયકાર;
શીવા દેવી માતાના દીલમાં, વરતાવ્યો આનંદકાર. સુ૦ ૩
પચાશ ધનુષ્યની દેહડી, આયુષ્ય વર્ષ ત્રીશ લાખ;
પુન્ય કરીને જે જન્મીઆ, સુખ નવી જાયેરે દાખ. સુ૦ ૪
મધુકીટક જીતી કરી, કીધાં સંગ્રામ હજાર;
સુદરશના જાયો બંધવો, સુપ્રભ વાંદુ આવાર. સુ૦ ૫
સંજમ લઇને મોક્ષે ગયા, બળદેવ સુપ્રભરાય;
દ્વીતીય પુરૂષ નરકે ગયા, ખાસે માર જમરાય; સુ૦ ૬
નર્કે થકી નીકળી કરી, ખપાવી અસંખ્યાતા કર્મ;
કે વળી થઇ મોક્ષે જશે, રહેશે તેઓનો મર્મ; સુ૦ ૭
છાપ લાગ્યા પછી રઝળે નહીં, એ જૈન વચન પ્રસીદ્ધ;
નિહાલચંદ કહે ચેતજો, સુત્રમાં ભાંખીઓ સીદ્ધ; સુ૦ ૮

૪૯—૫૦—૫૧ પાંચમા બળદેવ "સુદરશન" તથા વાસુદેવ "પુરીસસીંહ" તથા પ્રત્યેક વાસુદેવ "તીસુભ" નું સ્તવન.

રાગ ઇંદ્રસભા (સદા ધર ધ્યાન—એ રાગ)

ધર્મનાથ સ્વામી વંદુ, પંદરમા જૈનરાય;
પ્રત્યેક વાસુદેવ રાજ્ય કરે, તીસુભ નામે રાય. ધર્મ૦ ૧
રાજપાટ સુખે કરે, ચીંતા નહિરે લગાર;
શું જાણે જે ઉપજશે, શત્રુ આણી વાર. ધર્મ૦ ૨
રૂખીપાળ રાયનો જીવ, આમાદેવીની કુખ;
શીવ રાજા ઘેર પ્રગટયો, નવી રહી કોઇ ભુખ. ધર્મ૦ ૩

અશ્વપુરી નગરીમાં, થયો ઝળકાર;
વાસુદેવ પુરીસસીંહ, પ્રગટયો આનંદકાર. ધર્મ૦ ૪
દેહીમાન ચાળીશ પાંચ, ધનુષ્ય તણું;
ભુજા થકી બળ પામે, સહેસ દશગણું. ધર્મ૦ ૫
માર્યો તીસુભ રાજ લીધું, મનાવી તિહાંઆણ;
ત્રીખંડનો ભુક્તા થયો, કાઢી કેઇક ધાણ. ધર્મ૦ ૬
ભ્રાત સુદર્શન રૂડો, પંચમ બળદેવ જેહ;
સુખ લઇ સંજમ પાળી, પહોચ્યો મુક્તિ ગેહ. ધર્મ૦ ૭
વાસુદેવ નરકે ગયે, કરમાં કાપવા;
ત્યાંથી ગતી સારી થશે, વંદો નિહાલ થવા. ધર્મ૦ ૮

૫૨–૫૩–૫૪ છઠા બળદેવ "આણંદ" તથા વાસુદેવ "પુંડરીક" તથા પ્રત્યેક વાસુદેવ "બળરાજા" નું સ્તવન.

રાગ પીલુ.

મોક્ષે ગયા અરનાથ પ્રભુજી,
મલ્લીજીનેશ્વર પછી હુવા જીનજી;
તેહને અંતરે પ્રત્યેક રાજા,
બળરાય રાજ કરે ખાય ખાજા. મોક્ષે૦ ૧
સુખ વીલાસે રાજ કરે છે,
દીલમાં નીશ્ચીંત રોજ રહે છે. મોક્ષે૦ ૨
નવ જાણ્યું જે જાગસે શત્રુ,
પણ દુઃખ વખતે ન રહે કોઇ માત્રુ. મોક્ષે૦ ૩
પ્રીય મીત્રનો જીવ પુન્ય કરીને;

ચક્રપુરીમાં પ્રગટયા રહીને. મોક્ષે૦ ૪
નામ ધરાવ્યું પુંડરીક રાયા,
મહીશ પીતા ઘેર વાસુદેવ આવ્યા. મોક્ષે૦ ૫
લચ્છી માતાની કુંખેજ ઉપન્યા,
તેહ પ્રતાપે દીઠા શુભ સુપના. મોક્ષે૦ ૬
ધનુષ્ય ઓગણત્રીશના દેહીમાને;
માર્યો બળરાયને અભીમાને. મોક્ષે૦ ૭
સંગ્રામ કીધા સહેસ હજાર,
જીતો મેળવી અતી સુખકાર. મોક્ષે૦ ૮
સહેસ વરસ પાંસઠનું આયુ,
જેના બળમાં જગત સહુ હાર્યું. મોક્ષે૦ ૯
તેહ વાસુદેવનો બંધન સોહે,
બળદેવ આણંદથી મન મોહે. મોક્ષે૦ ૧૦
ઇલ્લાહીદી માતા તેહની જાણું,
નામે વીજયતાજી પ્રમાણું. મોક્ષે૦ ૧૧
તેહ બળદેવે સંજમ લીધો,
કેવળી થઇ સીદ્ધનો ઘાટ લીધો. મોક્ષે૦ ૧૨
એહ ઉત્તમને બંદના અમારી,
નિહાલ થવા હજો વારંવારી. મોક્ષે૦ ૧૩

૫૫-૫૬-૫૭ સાતમા બળદેવ "નંદણ" તથા વાસુદેવ "દત્ત" તથા પ્રત્યેક વાસુદેવ "પ્રહેલ્લાદ"નું સ્તવન.

રાગ રામગ્રી.

મલ્લીનાથ પ્રભુને નમું, ઓગણીશમા જીનરાય;

તેહ વારે હુવા રાયજી, પ્રત્યેક પ્રહેલાદરાય.
સુલક્ષા થવું નથી સોહ્યલું ૧
સુખ સમાધીમાં રહે અતી, કરે રાજ્યના કામ;
સૈન્યા ઘણી શુ શોભીતી, રાખે લડાઇમાં હામ. સુ. ૨
લલીત મીત્રનો જીવ ઉપન્યો, બનારશીપુરી મોઝાર;
વાસુદેવપણે તીહાં ઉપન્યો, નામે દત્તરાય સાર. સુ. ૩
અગ્ની શીવ રાય પીતાપણે, માતા શેશવંતી ધન્ય;
અતુલ્ય બળી ત્યાં પ્રગટયો, શાંત થયું સહુનું મન. સુ. ૪
પ્રહેલાદ મારી જીત મેળવી, કરી આયુદ્ધ હજાર;
એક ભુજા થકી ભાગીઆ, દુશ્મનોરે અપાર. સુ. ૫
દત્તનો બંધવ નંદણજી, બળદેવ સાતમો કહેવાય;
જયંતી માતા શુત બંધવો, નામે પ્રાશ્રીત જાય. સુ. ૬
વાસુદેવ દત્તનું આઉખુ, વરસ છપન હજાર;
તસ બંધવ નંદણતણું, વરસ પાંસઠ હજાર. સુ. ૭
સુલક્ષા ભવ બહુ કરે નહિ, થાય વેળાસર સીદ્ધ;
પુરા પુન્ય કરી અવતરે, પામે બહોળેરી રીધ્ધ સુ. ૮
નિહાલચંદની અરજી માનજો, કરજો આપ સમાન;
પુન્ય કર્યા વીના પામવું, એહ દુઃકર સુજાણ. સુ. ૯

૫૮-૫૯-૬૦ આઠમા બળદેવ "રામચંદ્રજી" તથા વાસુદેવ "લક્ષ્મણ" તથા પ્રત્યેક વાસુદેવ "રાવણ" નું સ્તવન.

રાગ ક્ષત્રીકલંકનો.

વીશમા મુનીસુવ્રત સ્વામ; લક્ષ્મણને સહુ જાણોરે.
જેને સમર્યેથી થાય શુભ કામ, લક્ષ્મણ૦ ૧

લંકા નગરીમાં કરે રાવણ રાજ, લક્ષ્મણ૦
દશ મસ્તક અતી ઘણી લાજ; લક્ષ્મણ૦ ૨
ભુજા શોભતી જેહની વીશ, લક્ષ્મણ૦
ફાટી મરે લોક પાડે જ્યારે ચીશ; લક્ષ્મણ૦ ૩
ઘણી વીઘા શીખ્યો પ્રત્યેક, લક્ષ્મણ૦
નવ માહી વીઘાવાન એક; લક્ષ્મણ૦ ૪

મોટા નર પણ ભુલી જાય, લક્ષ્મણ૦
થવા વાત મીથ્યાત નવી થાય; લક્ષ્મણ૦ ૫
પુનરવસુ દેવરાય કેરો જીવ, લક્ષ્મણ૦
તેહનો પહોંચશે ત્રીજે ભવે શીવ; લક્ષ્મણ૦ ૬
ઉપન્યો અયોધ્યામાંહે દુષ્મન, લક્ષ્મણ૦
માતા સુમીત્રા કેરો તન; લક્ષ્મણ૦ ૭
રાય દશરથકેર શુભ કાર, લક્ષ્મણ૦
વાસુદેવ લક્ષ્મણ લજ્યા સાર; લક્ષ્મણ૦ ૮

બળદેવ નામે રામચંદ્ર જાણ, લક્ષ્મણ૦
માતા જુદી પણ સહોદર પ્રમાણ; લક્ષ્મણ૦ ૯
તેહ કૈશલ્યા કેરો તંન લક્ષ્મણ૦
જેના સકમથી ઠરે મુજ મન, લક્ષ્મણ૦ ૧૦

જેની પત્ની સતી જગ મશહુર; લક્ષ્મણ૦
નામે સીતાજી સુગુણે ભરપુર; લક્ષ્મણ૦ ૧૧
જેનું રૂપ શ્રવણ થયું ભૂપ, લક્ષ્મણ૦
કર્યું હરણ રાવણે પડચો કુપ; લક્ષ્મણ૦ ૧૨
થઇ દશા રાવણની બેહાલ, લક્ષ્મણ૦
થતાં લડાઇ થયો પાયમાલ; લક્ષ્મણ૦ ૧૩
માર્યો દસકંધ લક્ષ્મણે ઠાર, લક્ષ્મણ૦
આણ મનાવી કર્યું શુભ કાર; લક્ષ્મણ૦ ૧૪

કીધાં યુદ્ધ ઉમંગે અપાર, લક્ષ્મણ૦
માર્યા દુશ્મનોને અતી ઘણા માર; લક્ષ્મણ૦ ૧૫
જૈન વચન જાણો પ્રસીદ્ધ, લક્ષ્મણ૦
વીના ચારીત્રે નવી પામે સીદ્ધ; લક્ષ્મણ૦ ૧૬
લક્ષ્મણ કરવા કરમ જે નિકંદ, લક્ષ્મણ૦
ત્રીજી નરકે પહોંચ્યા એહ નંદ; લક્ષ્મણ૦ ૧૭
સતી સાધવી સીતાજી નાર, લક્ષ્મણ૦
અચ્યુદેવલોકનો સીરદાર; લક્ષ્મણ૦ ૧૮
શુભ રામ બળદેવ માહાદેવ, લક્ષ્મણ૦
સીદ્ધ થયા પ્રભુપદ પામ્યા મેવ; લક્ષ્મણ૦ ૧૯
રાવણ સીદ્ધશે લક્ષ્મણ સાથ, લક્ષ્મણ૦
ન્હાન વંદે ઉત્તમને જોડી હાથ; લક્ષ્મણ૦ ૨૦

૬૧-૬૨-૬૩ નવમા બળદેવ "બળભદ્રજી" તથા વાસુદેવ "શ્રી કૃષ્ન મહારાજ" તથા પ્રત્યેક વાસુદેવ "જરાસીંધ" નું ચોઢાળીઉ.

ઢાળ પહેલી રાગ બનજારો.

વંદો બ્રહ્મચારી જીન રાયા મુને નેમ પ્રભુ સુખ દાયા.
યાદવ કુળ માંહી સીરદાર તેતો જગત તણારે આધાર;
રાજૂલ તણા પીઉ પ્યારા, વંદો બ્રહ્મચારી જૈન રાયા. ૧
એહ અરસામાં રાજ્ય કરેછે, રાજગરીમાં સુખેથી રહે છે;
જરાસીંધ પ્રત્યેક મહારાયા, વંદો બ્રહ્મચારી જૈનરાયા. ૨
સૌરી પુરીમાં રાજા સોહે, પ્રભુપીતા રામુદ્ર વીજે સોહે;

માને જરાસીંધની દુવાયા, વંદો બ્રહ્મચારી જૈન રાયા. ૩
સીંહ માર્યો બન્ધુ વાસુદેવે, રાય કુંસનું નામ ધરાવે;
દીધાંજીવજશા બેટી દુઃખ દાયા, વંદો બ્રહ્મચારી જૈન રાયા. ૪
મથુરાનું કંશેરાજ લીધુ, પીતા ઊગ્રસેનને દુઃખ દીધું;
એહ રીતે રહે ત્રણુ રાયા, વંદો બ્રહ્મચારી જૈનરાયા. ૫

ઢાળ બીજી રાગ લાવણી.

જરા સીંહની પુન્યાઇ, પડવા લાગી માઠી;
જીવ જશાએ કરી ત્યાં, એઇમંતાની લાઠી;
મુની વચન મુખથી, બોલ્યાં સાંભળ નારી;
ગર્ભ સાતમો દેવકી, રાય થશે કંશ મારી. ૧
એહ સાંભળી નારી, બડી વીમાસણ પામી;
પતી સમજાવા તે નાર, થઇ જવા કામી;
નવી મુકે દોઢી રેઢી, ચોકી તો બેસારી;
પણ મીથ્યા ન થાયે જેહ, હોય વાત થાનારી. ૨
ગંગદત રાય કેરો જીવ, દેવકી કુખે ઊપન્યા;
થઇ ચડતી જાદવ જાત, દીઠા શુભ સુપના;
પ્રતી પુરણુ માસે, કુંવર શ્રી સુભ જનમીઆં;
નવી બજીઆં બાજાં, ગુપ્ત પણે સંચરીઆં. ૩
નીંદ્રાએ ઘેર્યા ચોકીદાર, લાભ ત્યાંહાં લીધો;
ગયા ગોકુળ ગામ મોઝાર, શુભ કામ દીધો;
એવા ઊત્તમને પણુ, કરમતણી કઠણાઇ;
નિહાલ કહે એવું જાણી, ધર્મ કરો નિત્ય ભાઇ. ૪

ઢાળ ત્રીજી રાગ ક્ષત્રીકલંકનો.

થયો વિદ્યાનિધી અહો શીરતાજ. કૃશ્ન પ્રતાપી રાય સુરોરે.
પીતા વાસુદેવના સીધ્યાં કાજ. કૃશ્ન૦ ૧
કાળી નાગને વીંધ્યો દોનુ ભ્રાત; કૃશ્ન૦

રોહણી સુત બળદેવ એક તાત. શ્રી૰ ૨
માર્યા મલને વળી માર્યો કંસ; શ્રી૰
જરાસીંધને ખબર નહી અંસ. શ્રી૰ ૩
જીવજસા જઇ કરેરે પોકાર; શ્રી૰
તારા જમાઇને માર્યો ત્યાં ઠાર. શ્રી૰ ૪
આહીર સુત બાળક લાગે કોય; શ્રી૰
કાળા પીળા વાને કોય દોય. શ્રી૰ ૫
ચડયો જરાસીંધને ત્યાં કાળ; શ્રી૰
ઇતે કોના હશે લઘુ બાળ. શ્રી૰ ૬
જાદવ ચાલ્યા પશ્ચિમ દીશ; શ્રી૰
રહ્યા દ્વારકે પ્રભુ નમુ શીશ. શ્રી૰ ૭
જામી લડાઈ અને માર્યો જરાસીંહ; શ્રી૰
શ્રીને પડાવી શત્રુઓને ચીહ. શ્રી૰ ૮

ઢાળ ચોથી રાગ ધન્યાશ્રી.

વાસુદેવ અભીરામ, યાદવો વાસુદેવ અભીરામ;
દેવતા ત્રુઠયો પુન્ય પ્રમાણે, માગ્યા આપ્યા દામ. યાદવો.૧
રાજપાટ જમાવી બેઠો, કરેછે હુકમ હંગામ. યાદવો.૨
શુભ બંધુ બળભદ્રજી ચલાવે, કાજ રાખી નામ. યાદવો.૩
ઘણોજ કાળ સહુ સુખ જયામી, થયો એક ઉત્પાત. યાદવો.૪
રૂપી શ્રાપે જવાળા લાગી, થઇ ગયા સર્વે મેદાન. યાદવો.૫
માત પીતાને ત્યાંથી ઉગારી, બંધવો ગયા પરગામ. યાદવો.૬
જરાકુંવર હરણ જાણીને, વન દુરે નાખ્યું કમાન. યાદવો ૭
ત્રીખંડનાથનું મૃત્યુ થઇ ગયું, થવું ન થાય મીથ્યાત. યાદવો.૮
બળભદ્રજી સરાગ આણે, આવ્યા દેવ લઇ વિમાન યાદવો.૯
દ્રષ્ટાંતસમજી વૈરાગી બનીયા, ગતી બ્રહ્મ વૈમાન. યાદવો.૧૦

ક્રૂશ નરેશ ત્રીજીએ પોચ્યા, છેદવા કરમની ખાણ. યાદવો.૧૧
ત્યાંથી નીકળી ત્રીજે ભવે, ત્રણેના થશે સીધ કામ યાદવો.૧૨
સેસ વર્ષ ક્રૂશનું આયું, અતિ થયા બળવાન. યાદવો.૧૩
કરજોડી ન્યાલચંદ કહેછે, દશ ધન્યુષ્ય દેહી માન. યાદવો.૧૪

ગિતી.

ચક્રવતિ બળદેવા, વાસુદેવ પ્રતિ વાસુદેવા;
અનંત બળના સ્વામી, તેહની બજાવી મેં સેવા. ૧

ઈતી સંપુર્ણ.

પરચુરણ કવીતા સંગ્રહ.

સદા હિતકારી ધર્મધુરંધર મહારા ગુરૂસાહેબ પુજ્ય માહારાજ શ્રી શ્રી મેઘરાજજી-સ્વામીનું સ્તવન.

રાગ રામગ્રી.

મહા મુની શ્રી મેઘરાજજી, તેહ તણાં કરૂં ગુણગ્રામ;
હામ ધરી અંતરને વિષે, મનડું રાખી એક ઠામ.
ગુરૂજીતણા ગુણ ગાઇશું. ૧
મુળ મહાવ્રત પાળીને, પાળે છે પાંચ આચાર;
નીજ ક્રીઆ કદી નવ ચુકે, સંજમ પાળે છે સાર. ગુ. ૨
શ્રી જૈન ધર્મ દીપાવ્યો છે, વીચરે છે ગામેરે ગામ;
મેઘસમાન વણી સુણી, શ્રાવકો કરે ધર્મના કામ. ગુ. ૩
ઘણા જીવોને આ ગુરૂજીએ, સુશીક્ષા બહુ દીધ;
રાખ્યા ધરમથી ડગી જતાં, તે સહુ સુકીત કીધ. ગુ. ૪
જરૂર એવારે ગુરૂજી વીના, સફળ નહીં અવતાર;
જીન ધરમને ઓળખી, વાંદો તેવા અણગાર. ગુ. ૫
સ્વામી સુડતાલીશની સાલમાં, લાકડીઆમાં ચતુરમાસ;
બીતી ભાદરવા શુદી બારસે, હું ગયો સ્વામીજી પાસ. ગુ. ૬
વેકી ગુરૂજીની સાથે હતા, દેવચંદ્રજી અણગાર;
આત્માઅર્થી કર્મચંદ્રજી, ધન તેહનો અવતાર. ગુ. ૭
શિષ્ય થયા તે તો લઘુ વેશે, માત પીતા સરવે છોડ;
ખટ જીવની રક્ષા કારણને, સંજમ સાથે માંડી હોડ. ગુ. ૮
ન્યાલ કર્યો મુને ગુરૂજીએ, સમકીત આપ્યું તેણીવાર;
લળી લળી હું તો તેહને, વાંદુ વાર અપાર. ગુ. ૯
ચંદ્રની પેરે શીતળ ગુણો, સ્વામીમાંરે રહ્યા;

દશ પ્રકારે ધર્મ પાળતાં, ગુણ નવ જાયરે કહ્યા. ગુ. ૧૦
નીજ જેષ્ઠ બંધવ મુની, પંડીત લાધાજી માહારાજ;
વંદન કરૂં હું તે। તેહને, સીઝે વંછીત કાજ. ગુ. ૧૧
દરશન કરીએ ગુરૂજીતણા, નીત ઉગમતે સુર;
નામ લેતા દુખ તે। ટળે, વ્યાધી સહુ જાયે દુર. ગુ. ૧૨
હુમ સેવક કૃપા કરો, કરે ન્યાલચંદ અરદાશ;
જોડ કરી માહારા ગુરૂતણી, મનમાં ધરીરે હુલાસ. ગુ. ૧૩

ગુરૂ સ્તવન સંપુર્ણ.

મહા પુરૂષ શ્રી ફુલચંદસ્વામી મહારાજે સંવત ૧૯૫૨ ની સાલમાં ટીકરમાં કરેલ ચોમાસા વીષેનું કાવ્ય.

ચોઢાલીઉં.

રાગ બનજારો.

તુમે વંદો ભવીજન પ્યારા, ફુલચંદજીસ્વામી ગુરૂ મારા.
યુવાન વયમાં સંસાર છોડી, મોહ મીથ્યાદીકને તોડી;
પુજ ગોપાળજી ગુરૂ સારા, ફુલચંદજીસ્વામી ગુરૂ મારા. ૧
કર્યો સુત્રતણો અભ્યાસ, જેમાં નથી રાખી કચાસ;
ઉપદેસી ગુરૂ સુખકારા, ફુલચંદજી સ્વામી ગુરૂ મારા. ૨
સંવત ઓગણીસ સુડતાલીશે, હતા જ્યારે ટીકર ચોમાસે;
ધરમો થયા હતા ઘણા સારા, ફુલચંદજી સ્વામી ગુરૂ મારા. ૩
એવો લાભ ગુરૂજીનો જાણી, વીનંતી કરી ખચીત આણી;
નિહાલ કરવા રહો માસ ચારા, ફુલચંદજી સ્વામી ગુરૂ મારા ૪

રાગ લાવણી.

તુમે વિનંતી ઊરમાં ધારી, અરજ સ્વીકારી;
કર્યો વઢવાણથી વીહાર, અરજ દીલ ધારી. ૫
ગામો ગામ વીચરંતા, ગુરૂજી હળવદ આવ્યા;
મને લાભ મળ્યોછે ત્યાંય, દરશન બહુ પાયા. ૬
ગુરૂ હળવદથી કરી વીહાર, ટીકર તો પધાર્યા;
થયું ધર્મતણું શુભ કામ, કાર્ય સુધાર્યા. ૭
ગુરૂ વ્યાખ્યાન વાંચે, અતી ઘણે ઉમંગે;
ઢાળ સાગરની બહુ લહેર, નિહાલ મન રંગે. ૮

રાગ ક્ષત્રીકલંકનો.

થઇ તપસ્યા અતી શુભકારા, તપ વીના ન કર્મ ખપેરે;
તે તો પ્રતાપ ગુરૂ જેજેકાર. " ૯
શ્રાવક વર્ધમાનતણા ઘેર, "
થયા દસ અપવાસ સુભપેર. " ૧૦
વળી ગંગારામ ભાઇ જેહ, "
તેમને ઘરે અઠાઇ શુભ એહ. " ૧૧
નવ થયાં વળી શુભ ચાર, "
તેના પતી નામ કહું આવાર. " ૧૨
શ્રાવક રતનસી મહોનજી તેહ, "
પાનાચંદ વનમાળી એહ. " ૧૩
શ્રાવક ત્રિભોવન ઘેરજ ચાર, "
છઠ અઠમથી કોઇ હશે બહાર. " ૧૪
પોષા પ્રતિક્રમણાં કરે શ્રાવક, "
સહુ સાધરમી કરે સમાયક. " ૧૫
જુઓ જુઓ ગુરૂજીનો પ્રતાપ, "
ન્યાલચંદના કાપો તમે પાપ. " ૧૬

રાગ અમાચ.

તુમે રહ્યા ચતુરમાસ, કરવા ધર્મ અભ્યાસ થયો અતી હુલાસ;
મુજરે ગુરૂજી હું તો રહી આપ પાસ શુભ અર્જ કરૂં. તુ ૧૭
સંસારી શિષ્ય સારા ઊજમસી મુજ પ્યારા,
ગુરૂ સાથે સુખકારા મુજરે ગુરૂજી;
શિષ્ય વિનયકાર શુભ અરજ કરૂં. તુ. ૧૮
ઓગણીસે એકાવન હાલારી સાલ ધન,
દીપાવ્યું પંન્નેસન મુજરે ગુરૂજી;
થયું ખુસી મુજમન શુભ અરજ કરૂં. તુ. ૧૯
કરજોડી નિહાલચંદ વદે અતી આનંદ,
વંદે શ્રાવક સહુ વૃંદ મુજરે ગુરૂજી;
તમે ટાળ્યા સહુ ફંદ શુભ અરજ કરૂં. તુ. ૨૦

ધર્મની પુર્ણ શ્રદ્ધાવાળા સુજ્ઞ શ્રાવક શા. જીવણુ ઉકા (સ્વર્ગવાસી થયા છે) તેમનુ કાવ્ય.

દોહરો.

શ્રી પાર્શ્વનાથ નમી કરી, લાગી ગૌતમ પાય;
જોડ કહેશું જીવણુશા તણી, હરડે હરખ ન માય. ૧
તુચ્છ બુદ્ધી છે માહરી, નહીં પીંગળનો હું જાણ;
ભુલચુક રે ક્ષમા કરો, સેવક જાણી પ્રમાણ. ૨
જોડમાં ડાબી બાજુ તણા, પહેલા અક્ષર સાર;
સઘળા મેળવી વાંચજો, તે પુરૂષ ને નમુ આચાર. ૩

રાગ રામગ્રી.

સાર શહેર છે પ્રાંગધ્રાં, તાબામાં ટીકર જાણુ;
જીવદયાના પ્રતિપાળ ત્યાં, મહાજન લોક અપાર.
પ્રાણી જૈન ધર્મ આદરો. ૧
વણીક ગ્નાતી મધ્યે વસે, જીવણશા તસ નામ;
નમન કરૂં હુંતો તેહને, અંતરમાં ધરી હામ, પ્રા૦ ૨
ઊજળ ભાવે વ્રત પાળતાં, ધરતાં નિરંજનનુ ધ્યાન;
કાયા પરવશ પડી ગઈ, પણ નવ મૂકયુ ધર્મ ધ્યાન. પ્રા૦ ૩
જ્ઞાની શ્રીપુજ સાહેબ પ્રતે, જાણપણું સરવે કીધ;
તેથી કરી જૈન બાળોને સુસીક્ષા બહુ દીધ. પ્રા૦ ૪
દલગીર હું થયો અતી ઘણો, જ્યારે તેણે કર્યો સ્વર્ગવાસ;
શ્રાવકે જીહાં જીહાં સાંભળ્યું, અતી થયા ઉદાશ. પ્રા૦ ૫
શ્રી જૈન ધર્મ ઉપર તેને, આસ્તા હતી ઘણીજ;
માહારા જેવા દશ પંદરને, વીધા બહુ શીખવીજ. પ્રા૦ ૬
લીલ ફુલ શેવાળની, એ ઇંદ્રી તેઇંદ્રી જાણ;
શેરકને ઓળખાવીઆ, લક્ષ ચોરાસી પ્રમાણ. પ્રા૦ ૭
ઠીક હતું તે બેઠા હતા, પણ મનુષ્યનો શું ઉપાય;
આ શિષ્ય ન્યાલચંદ એમ વદે, સુગતી હજો તસ સદાય. પ્રા૦ ૮

ગિતી.

પુસ્તક પ્રેમથી રચીઊ, સફળ થવા અવતાર મારો;
કષ્ટ મહારાજ મારાં કાપો, નિહાલ કરી સેવક તારો. ૧

અગત્યની હકીકત.

મોરબી અને લીંબડી જેવા કાઠીઆવાડના મોટા શહેરો જ્યાં શ્રી જૈન ધર્મનો વધારે ઉદ્યોત છે તે જગોએ જૈનશાળાઓ ખુલી છે તેમાં આશ્ચર્ય નથી. પરંતુ ટીકર જેવું નાનું ગામ જેમાં ફકત શ્રાવકના પચાસ ઘર છે તેની અંદર ટીકરના સુજ્ઞ શ્રાવકભાઇઓની મદદથી તથા બહાર ગામના શ્રાવકોના ઉત્તેજનથી મી. ત્રીભોવનદાસ વી. પીતાંબરભાઇના હાથ નીચે એક જૈનશાળા સ્થાપન થઇ છે. જેમાં નીચે લખ્યા વીસ વીદ્યાર્થીઓનો અભ્યાસ નીચે પ્રમાણે ચાલે છે. તે વીદ્યાર્થીઓની ઉમ્મર અને તેના પ્રમાણમાં અભ્યાસની હકીકત આ જગોએ લખવી ઘણીજ અગત્યની છે એમ ધારી મારા સુજ્ઞ ગ્રાહકોને તે નોંધ વાંચવાની હું વિનંતી કરૂંછું.

નંબર	નામ.	ઉમર.	અભ્યાસ.
૧	ભાઇ ત્રીભોવન મોહનજી.	૧૬	સમાયક, પ્રતીકમણું, નવતત્ત્વ દંડક, ગતાગતી, છકાયના બોલ, છ આરાના બોલ, સીંઝણાદ્વાર પદવીના બોલ, શ્રી ભક્તામર પુચ્છીસુણં.
૨	ભાઇ દલીચંદ વી. પોપટ.	૧૭	શ્રી ભક્તામર તથા દંડક સીવાય ઉપર મુજબ.
૩	ભાઇ પરભુ વી. વર્ધમાન.	૧૫	સમાયક, પ્રતીકમણું, નવતત્વ દંડક, છ આરાના બોલ, છકાયના બોલ, પદવીના બોલ.
૪	ભાઇ મનસુખ વી. વાલજી.	૧૬	સમાયક, પ્રતીકમણું નવતત્વ છ કાયના બોલ છ

			આરાના બોલ, પદવીના બોલ, સીંઝણુદ્વાર.
૫	ભાઇ ડાયા વી. અંબાઇદાસ	૧૬	સદર.
૬	ભાઇ પોપટ સાંકળચંદ.	૧૮	સીઝણુદ્વાર સીવાયે ઉપર મુજબ.
૭	ભાઇ જગજીવન હરજીવન	૨૦	સમાયક, પ્રતિકમણું, છ કાયના બોલ.
૮	,, મનસુખ વી. નિહાલચંદ	૧૪	સદર
૯	,, પરસોતમ વી. રામજી	૧૭	સમાયક, પ્રતિકમણું.
૧૦	,, દેવચંદ વી. લાલજી	૧૭	સદર
૧૧	,, કેશવજી સાંકળચંદ.	૧૧	સમાયક, સ્તવનો.
૧૨	ભાઇ ઓધડ વનમાળી.	૧૪	સદર
૧૩	,, દલીચંદ હરજીવન.	૧૨	સદર
૧૪	ભાઇ ટપુ લાલજી.	૧૨	સદર
૧૫	,, મકનજી વર્ધમાન.	૧૧	સદર
૧૬	,, પ્રાણુજીવન પીતાંબર	૧૧	સદર
૧૭	,, મગનલાલ વર્ધમાન	૧૦	સદર
૧૮	,, અભેચંદ વી. ગંગારામ	૧૦	સદર
૧૯	,, ગીરધરલાલ કરશનજી	૧૦	સદર
૨૦	,, ભાઇચંદ સાંકળચંદ	૯	સદર
૨૧	,, ફુલચંદ કાળીદાસ.	૯	સદર
૨૨	,, ફુલચંદ વી. રામજી.	૧૧	સદર

ઉપર પ્રમાણે અભ્યાસ ચાલી ગયો છે. તે ઉપરાંત હજી શીક્ષણ આપવાનું કામ મી. ત્રીભોવનદાસ તરફથી શરૂ છે અને તેના સંબંધમાં મી. ત્રીભોવનદાસને ઘટતી મદદ મી. જીવરાજ જીવણ તથા મી. મુળચંદ રામજી અને ગ્રંથ કર્ત્તા તરફથી મળે છે

શ્રી સંપુર્ણ.



અગાઉથી આશ્રય આપનાર સાહેબોના મુબારક નામોની ટીપ.

ભુજનગર.

૫૦ અફીણના ઇજારદાર મેતા. ઝવેરચંદ મોતીચંદની મારફત.
૨૪ મહેરબાન ઝવેરચંદ મોતીચંદભાઇ.
૧૫ મહેરબાન દાલજીભાઇ લક્ષ્મીચંદ.
૨ મહેતા લાલજી જેરામ
૨ મહેતા જેઠા દેવકરણ.
૧ મહેતા રૂપચંદ કલ્યાણજી.
૧ મહેતા મોરારજી હંસરાજ.
૧ મહેતા મુલચંદ હંશરાજ.
૧ મહેતા લીલાધર ભાણજી.
૧ મહેતા પોપટ મોણસી.
૧ મહેતા નેણસી અંજારવાળા.

મોરબી.

૨૫ મહેતા રૂપસી પચાણની મારફત.
૬ મેતા કુશળચંદપાનાચંદભાઇ.
૫ મેતા રૂપશી પચાણની દોકાન ખાતે.
૨ રા. રા. ફુલચંદભાઇ વલમજી
૨ રા. રા. અમરચંદવીફુલચંદ ભાઇ
૨ રા.. રા. હરખચંદવી નેણશી ભાઇ.
૨ ઝવેરી ગંગારામમોણશીભાઇ
૧ મહેતા એચર પાનાચંદ.
૧ માસ્તર ફુલચંદ હીરાચંદ.
૧ પારેખ ફુલચંદ સવજી
૧ રા. રા. ગુલાબચંદ દેવચંદ ભાઇ જુના દફતરના ઉપરી સાહેબ.
૧ રા. રા. વજેશંકર દેવચંદ ભાઇ લે. કા.
૧ રા. રા. દુર્લભજી વલમજીરેકાર્ડ કલાર્ક.

મુંદ્રા.

૧૪ મી. પદમસીસોમચંદની મારફત
૧ મી. પદમશી સોમચંદદોશી
૧ દોશી માણેકચંદ રતનસી.
૧ મી સીવજી લાલચંદ
૧ કોઠારી રણછોડ દેવકરણ.
૧ મી હેમચંદ શોભચંદ
૧ દેશાઇ પ્રતાપશીંહ નેમીદાસ.
૧ દેશાઇ ડોશાભાઇ નરસીંહ.
૧ દોશી પ્રેમચંદ મોણસી.
૧ દોશી જીવરાજ દેવકરણ.
૧ સંઘવી ગોપાળજી નથુભાઇ.
૧ મહેતા માધવજીવીકલ્યાણજી
૧ મહેતા વીરજી નાનચંદ.
૧ મે. નાથાભાઇ અચળજી.
૧ મી. ભુલચંદ લવજી.

ટીકર.

૫ ભાઇશ્રી વર્ધમાન રતનશીભાઇ
૫ " ત્રીભોવનદાસ વી પીતાંબરભાઇ.

૫ " જીવરાજ જીવણભાઇ.
૫ દોશી દામોદરદાસ જીવણ ભાઇ કલાર્ક.
૨ મહેતા જેચંદ વી. રામજી ભાઇ શેઠ.
૨ શાહ મુળચંદ વી. રામજી ઉમેદવાર.
૨ ભાઇશ્રી માવજી જેઠાભાઇ
૨ ભાઇશ્રી ત્રીભોવન મહોનજી
૨ ભાઇશ્રી ગંગારામ હંશરાજ
૨ ભાઇશ્રી નિહાલચંદ રતનશી
૨ ભાઇશ્રી નિર્ભયરામ હાકેમચંદ
૨ શેઠસાહેબ વખેતચંદભાઇ મોતીચંદભાઇ
૧ ભાઇશ્રી ચુનીલાલ ગગજી.
૧ ભાઇશ્રી મનસુખલાલવાઘજી
૧ ભાઇશ્રી મનસુખ વી. પોપટ.
૧ ઠકર રાઘવજીભાઇ કરસનજી
૧ સંઘવી ડાહ્યાભાઇ ડામર
૧ ભાઇશ્રી પરસોતમવી રામજી
૧ મહેતા છગનલાલ લાડકચંદ
૨ કોઠારી માણેકચંદ ગુલાબચંદ માંડવીઆહળવદ તે હાલટીકર.

ઉગરડા.

૪ પ્રીય ભાઇ મોહનલાલ વી. મોતીચંદભાઇની મારફત.
૧ ભાઇશ્રી મોહનલાલ મોતીચંદ
૧ શા. જગજીવન સોમચંદ સાયલા.
૧ શા. જીવરાજ નીમચંદ સાયલા.

૧ વ્યાસ ગોપાળજી ઇશ્વર સાયલા.

હળવદ.

૪ કોઠારી ગુલાબચંદની મારફત
૨ કોઠારી ગુલાબચંદ ચતુર
૧ કોઠારી વખતચંદ કેશવજી
૧ કોઠારી છગનલાલ ભગવાનજી

વવાણીઆ બંદર.

૪ મહેરબાન વહીવટદાર સાહેબ મનસુખલાલ પોપટભાઇની મારફત.
૧ રા. રા. મનસુખલાલ પોપટભાઇ
૧ વોહોરા તારાચંદ બેચર.
૧ દેશાઇ મનજી કેશવજી.
૧ મહેતા પાનાચંદ વેઠાજી

આધોઇ.

૫ ભાઇશ્રી ખુશાલચંદ વી. પાનાચંદભાઇશીરસ્તેદારસાહેબ.

કીડી.

૨ શાહ મોહનલાલ ગફલભાઇ કામદાર સાહેબ.

સરા.

૨ પારેખ વીરચંદ ચત્રભુજ.

ધનાળા.

૩ મહેતા મોહનલાલ ટોકરશી મારફત.
૧ શા. લવજી સુંદરજી.
૧ મેતા જુઠા નારણજી.
૧ મેતા માદેવ હરખજી.

ગ્રાહકોને વિનંતી.

જણાવવામાં આવે છે કે આ પુસ્તક બે ભાગમાં છપાવી પ્રગટ કરવાનો અમારો વિચાર હતો, પણ કાંઈ કારણસર બંધાણુ થયું છે માટે માફ કરશો.

ધનેશ્વરનો રાસ.

ધનેશ્વરનો રાસ થોડા દિવસમાં બહાર પડનાર છે માટે ગ્રાહકો થઈ નામ નોંધાવશો. કિંમત ફક્ત પાંચ આના રાખવામાં આવી છે.

આ પુસ્તક કાઠિઆવાડમાં અમારે ત્યાંથી અને કચ્છમાં અરીઠાના ઘાજરદારના મહેતા. ઝવેરચંદ મોતીચંદ પાસેથી મળશે.

નિહાલચંદ ગણેશજી મહેતા

ટીકર—પ્રાંત કાઠીઆવાડ.